dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

February 2011 For private circulation only Vol. 03 - Issue 51

યુનિવર્સિટી શિક્ષણનો ઉદ્દેશ્ય શું છે ? સારું શિક્ષણ એને કહેવાય જે વિદ્યાર્થીની સામે એક પ્રશ્ન મૂકે. "મનુષ્ય બનવું એટલે શું ?" પોતાની મહત્વાકાંક્ષાઓ અને સામાન્ય જરૂરિયાતોના સંદર્ભમાં વ્યકિતની સામે આવો પ્રશ્ન ઉઠવો જોઈએ. વ્યકિતને ખ્યાલ આવશે કે, જવાબ સરળ નથી. દરેકે પોતાની જાતને પ્રશ્ન કરવો જોઈએ કે, "મારા જીવનનો અર્થ શો છે ?" વાસ્તવમાં જીવનનો પોતાનો કોઈ હેતુ નથી. તમારે તેને હેતુ આપવાનો છે.

નરેન્દ્ર મોદી (૪૨મું દીક્ષાન્ત પ્રવચન)

# દીપે અરુણું પરભાત

સત્યમ, જ્ઞાનમ, અનન્તમના ધ્યેયમંત્રને સમર્પિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બેતાળીસમા વાર્ષિક પદવીદાન સમારંભના અધ્યક્ષ મહામહિમ કુલાધિપતિ અને માનનીય રાજયપાલ મહોદયા, સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, સ્નાતક અને સ્નાતકોત્તર પદવીઓ માટે લાયક ઠરેલા સૌ યુવાન વિદ્યાર્થીમિત્રો અને આજના સમારંભના કેન્દ્રબિંદુ સમાન સુવર્ણમંડિત ચંદ્રકો તથા અન્ય પારિતોષિકોના વિજેતા સૌ વિદ્યાર્થીમિત્રો, સુરત શહેરની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થી દોસ્તો, યુનિવર્સિટીની સેનેટ તથા સિન્ડિકેટ અને અન્ય અધિકારમંડળોના માનનીય સદસ્યશ્રીઓ, કુલસચિવશ્રી, અધ્યાપક મિત્રો, કર્મચારી મિત્રો, સુરત શહેરના પ્રથમ નાગરિક મેયરશ્રી રાજુભાઈ, પદ્મશ્રી કનુભાઈ ટેલર, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, આમંત્રિત મહેમાનો, અને મિડીયાના મિત્રો.

૨૬મી ફેબ્રુઆરી એટલે અર્વાચીનોમાં આદ્ય, સમયમૂર્તિ, અસ્મિતાનો આદ્ય પ્રવર્તક, આપણો પ્રાણવંતો પૂર્વજ વીર કવિ નર્મદની પૂણ્યતિથિ, ગુજરાત ભકિતનું ઉત્તમ ગાન 'જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પરભાત'ના વીર કવિને આજના દીક્ષાન્ત સમારંભ પર્વે આપ સૌ વતી શ્રધ્ધા સુમન અર્પુ છું.

આજના ૪૨મા વાર્ષિક પદવીદાન સમારંભ ઉપરાંત યુનિવર્સિટીના નવનિર્મિત આંતરાષ્ટ્રીય કક્ષાના શ્રી સી.બી. પટેલ સ્ટેડિયમ અને ક્રિકેટ એકેડેમી, બોયઝ હોસ્ટેલ, સંપૂર્ણ વાતાનૂકૂલીત કન્વેશન હોલ (ઓડિટોરિયમ) તથા વિસ્તરણ પામેલા સોશ્યલ સાયન્સ ભવનના લોકાર્પણ જેવા પંચવિધ કાર્યક્રમોના સમારંભના અધ્યક્ષા મહામહિમ કુલાધિપતિ અને માનનીય રાજયપાલ મહોદયા આ પાવન પ્રસંગે યુવાનોને અશિષ આપવા ઉપસ્થિત રહયા છે તે માટે યુનિવર્સિટી પરિવાર વતી હું હાર્દિક સ્વાગત કરું છું.

મિત્રો, ગુજરાતની અસ્મિતાની ભાવના પ્રકાંડ પંડિત કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની કવિતામાં પ્રગટી હતી, આ અસ્મિતાને પુનઃ સુરતના સપુત નર્મદની કલમે 'જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પરભાત'ના શબ્દરૂપે અવતરી હતી. સ્વર્ણિમ ગુજરાતના આ સ્વર્ણિમ વર્ષમાં આપણા લાડીલા અને હૃદયસ્થ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દીક્ષાન્ત પ્રવચન માટે આપણી લાગણીને માન આપી ખાસ ઉપસ્થિત રહયા છે, તે માટે તેમનું યુનિવર્સિટી પરિવાર વતી હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

યુનિવર્સિટીનો જાહેરમાં યોજાતો વાર્ષિક પદવીદાન સમારંભ એટલે બીજી રીતે જોઈએ તો યુનિવર્સિટીનો અહેવાલ આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરવાની સ્વર્ણિમ તક. ગુજરાતની અસ્મિતાની ભાવનાને પ્રગટ કરનાર કલિકાસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની કર્મભૂમિ પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીથી સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા વીર નર્મદની ભૂમિ સુરત સ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં જોડાતાં જોયું કે સમગ્ર ગુજરાતના સૌથી સમૃધ્ધ પ્રદેશ એવા સુરતની આ યુનિવર્સિટી સમાજની મુખ્ય ધરોહરથી અલિપ્ત હતી. ગુજરાતના આર્થિક પાટનગરની આ યુનિવર્સિટીનો વિકાસ માત્ર સરકારી અનુદાનો પર જ નિર્ભર રહયો છે. સમાજની સખાવતોથી યુનિવર્સિટીને માળખાકીય સુવિધાઓથી સમૃધ્ધ કરવા મારા કાર્યનો પ્રારંભ કર્યો. મહામહિમ અને માનનીય મુખ્યમંત્રીશ્રી આપને જાણીને આનંદ થશે કે ચાર દાયકા જૂની આ યુનિવર્સિટીમાં સૌપ્રથમ વખત યુનિવર્સિટી અને સમાજનું જોડાણ થયું છે. છેલ્લા અઢી વર્ષના ટૂંકા સમય દરમ્યાન યુનિવર્સિટીને સમાજ તરફથી જે સખાવતો મળી છે અને તેને પરિણામે આજે યુનિવર્સિટીનો વિકાસ ઉલ્લેખનીય છે જે પ્રસ્તુત કરવાની રજા લઉ છું.

- યુનિવર્સિટી પાસે ઘણી જમીન હતી. પરંતુ તેના પર વિકાસનાં કામો નહીં થવાને પરિણામે સો એકર જેટલી જમીન છીનવાઈ ગઈ. સદનસીબે યુનિવર્સિટી પરિસરની બહાર છ એકરનો એક પ્લોટ બચી ગયેલો. બારડોલી તાલુકાના મહુવાના નાઈજિરીયા સ્થિત શ્રી નારણભાઈ ભકત પરિવારના શ્રી જી.એચ.ભકત મેમોરિયલ ટ્રસ્ટ તરફથી રૂપિયા એક કરોડ એકાવન લાખની મહાલક્ષ્મીથી સમાજને યુનિવર્સિટી સાથે જોડવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. ૪૬૦૦૦ ચોરસ ફૂટના બાંધકામવાળા મેનેજમેન્ટ વિભાગના અદ્યતન ભવનનું ઉદ્‌ઘાટન માનનીય શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે તા. ૨૧-૨-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું.
- ભરથાણાના યુવાન ક્રિકેટપ્રેમી શ્રી કમલેશભાઈ પટેલ તરફથી શ્રી છગનભાઈ બબાભાઈ પટેલ સ્પોર્ટસ એકેડેમી માટે યુનિવર્સિટી પરિસરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ક્રિકેટ સ્ટેડીયમ અને ક્રિકેટ એકેડેમીનું લોકાર્પણ આજ રોજ આદરણીય મહેમાનશ્રીઓના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.
- ભરથાણાના શ્રી કમલેશભાઈના પિત્રાઈ શ્રી રાજુભાઈ ગીજુભાઈ પટેલ દ્વારા શ્રી ગીજુભાઈ છગનભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ આર્કિટેકચરના ભવન માટે રૂા. ૧ કરોડ ૫૧ લાખના અંદાજિત ખર્ચથી તૈયાર થઈ રહયું છે, જેનું લોકાર્પણ જૂન ૨૦૧૧ સુધીમાં યોજાશે.

•     આસ્થાના વતની શ્રીમદ રાજચંદ્રના ઉપાસક એવા શ્રી ભુલાભાઈ વનમાળીદાસ પટેલ તરફથી એજયુકેશન વિભાગના પ્રાર્થના હોલ માટે રૂા. ૫૧ લાખનું દાન પ્રાપ્ત થયેલ છે. જેનું બાંધકામ પૂર્ણતાના આરે છે.

•     શ્રી મોરારજી જન્મ શતાબ્દી પ્રતિષ્ઠાન તરફથી ટ્રસ્ટની ૧૫ એકર જમીન તથા અઢી કરોડ જેટલી કિંમતના બાંધકામ સહિતની માળખાકીય સવલતો યુનિવર્સિટીને નેચરોપેથીના અભ્યાસક્રમ તથા હોસ્પિટલ ચલાવવા માટે યુનિવર્સિટીને હસ્તાંતર કરવા માટેના એમઓયુ થયા છે. રાજય સરકારના મહેસૂલ વિભાગ તરફથી જમીન તબદીલ કરવાની કાર્યવાહી પૂર્ણ થયે યુનિવર્સિટીનું આ એક માત્ર ઓફ કેમ્પસ થશે, જેને યુનિવર્સિટી વિકસાવવા માટે વચનબધ્ધ છે.

•     આપણે આજે જે સ્થળે એકત્રિત થયા છીએ તે પર્વમંચ રૂા. ૪૦ લાખના ખર્ચે સમાજની ઉદાર સખાવતથી સંપન્ન કરવામાં આવેલ છે. જેનું ઉદઘાટન તા. ૧૭-૧૨-૨૦૧૦ના રોજ શિક્ષણમંત્રીશ્રી પ્રા. વસુબેન ત્રિવેદીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

•     યુ.જી.સી.ના સહયોગથી સુરત શહેરનું ભવ્ય નજરાણું ઓડિટોરિયમ કમ કન્વેન્સન સેન્ટર ૫.૫૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. ગુજરાતની કોઈ યુનિવર્સિટીમાં નથી તેવું ૧૨૫૦ની બેઠક વ્યવસ્થા ધરાવતું આધુનિક સવલતોથી ભરપૂર વાતાનુકૂલીન કન્વેશન હોલ (ઓડિટોરિયમ)નું આજે લોકાર્પણ થયું.

•     યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે રૂા. એક કરોડ ૩૦ લાખ ઉપરાંતના ખર્ચે તૈયાર થયેલ બોયઝ હોસ્ટેલ, રૂા. ૭૭.૨૮ લાખના ખર્ચે વિસ્તરણ પામેલા સોશ્યલ સાયન્સ ભવનનું પણ આજ રોજ લોકાર્પણ થયું.

•     યુનિવર્સિટી કન્યા છાત્રાલયમાં મોટાભાગે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારની વિદ્યાર્થિનીઓ રહે છે. વધતી જતી સંખ્યાને ધ્યાલે લઈ પોણા બે કરોડના ખર્ચે સરસ્વતી કન્યા છાત્રાલય તા. ૨૬-૨-૨૦૧૦ના રોજ મહામહિમ કુલાધિપતિજીના વરદ હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

•     વિદ્યાર્થી છાત્રાલયની સુવિધામાં ઉમેરો કરવા માટે નવીન વિદ્યાર્થી છાત્રાલયનું બાંધકામ રૂા. ૧.૩૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે, જેનું આજે લોકાર્પણ થયું.

•     નવીન અતિથિ ભવન રૂા. ૭૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. જેનું ઉદઘાટન તા. ૧૭-૧૨-૨૦૧૦ના રોજ શિક્ષણમંત્રીશ્રી પ્રા. વસુબેન ત્રિવેદીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

•     અંદાજિત ૮૩,૭૩,૬૩૮ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર એમ.એચ.આર.ડી. ભવનના વિસ્તરણનું ભૂમિપૂજન મે માસમાં કરવામાં આવેલ, જે જૂન ૨૦૧૧ સુધીમાં તૈયાર થઈ જશે.

•     માનનીય મૂખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તા. ૨૯-૧૧-૨૦૧૦ના રોજ (૧) ડે કેર એન્ડ બેસિક ફેસિલિટિસ ફોર વિમેન સેન્ટર (૨) એન્વાયરમેન્ટ એન્ડ ફાર્મસ્યૂટિકલ કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ અને (૩) એજયુકેશન ડિપાર્ટમેન્ટના ભવનના એકસ્ટેશન ભવનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

•     દસમી પંચવર્ષીય યોજના દરમ્યાન યુનિવર્સિટીને માત્ર રૂા. ૩.૮૭ કરોડનું અનુદાન યુ.જી.સી. તરફથી પ્રાપ્ત થયેલ. અગીયારમી પંચવર્ષીય યોજનામાં વિવિધ દરખાસ્તો પ્રસ્તુત કરીને યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌપ્રથમવાર માતબર રૂા. ૧૪ કરોડ જેટલું અનુદાન પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી છે. વધુમાં યુ.જી.સી. તરફથી સંલગ્ન કોલેજોને અગિયારમી પંચવર્ષીય યોજનામાં વધુ અનુદાન મળે તે હેતુથી યુનિવર્સિટીએ પહેલ દાખવી, તમામ આચાર્યશ્રીઓ માટે વર્કશોપ ગોઠવી દરખાસ્તો તૈયાર કરવા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું તથા યુ.જી.સી.ની ટીમને યુનિવર્સિટીમાં આમંત્રિત કરી કોલેજોના આચાર્યશ્રીઓને પુના જવાને બદલે ઘરઆંગણે વ્યવસ્થા ગોઠવવાથી કોલેજોને પ્રથમવાર માતબર અનુદાન મળ્યું.

•     તાજેતરમાં આધુનિક ઈલેકટ્રોનિક ઉપકરણો માટે વધુ ૧ કરોડ રૂપિયાનું અનુદાન મેળવવામાં પણ સફળતા પ્રાપ્ત કરેલ છે.

•     ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટ્રાયબલ વેલ્ફેર દ્વારા આદિવાસી વિદ્યાર્થિનીઓ માટે સોલર હીટરની સુવિધાવાળુ છાત્રાલય માટે ૧.૬૫ કરોડ મંજૂર થયેલ છે.

•     યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગને સ્પેશ્યલ આસિસ્ટન્સ પ્રોગ્રામ અંતર્ગત યુ.જી.સી. તરફથી ૩૯ લાખ રૂપિયાનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

•     સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા ગુજરાત રાજય શિક્ષણ ખાતા અને રાષ્ટ્રીય સેવા યોજના પ્રાદેશિક કચેરી, અમદાવાદ પ્રેરિત વર્ષ ૨૦૧૦ રાષ્ટ્રીય સેવા યોજના દિનની ઉજવણી તા. ૧૫-૧૬ ઓકટોબર ૨૦૧૦ દરમ્યાન યુનિવર્સિટી પરિસરમાં કરવામાં આવી. જેમાં ગુજરાતની તમામ યુનિવર્સિટીના એન.એસ.એસ.ના એકમોએ રાજય કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લીધો. આ કાર્યક્રમ સાથે રાજય ઈતિહાસ પરિષદ-મહોત્સવનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી સંલગ્ન રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલ કોલેજોની વાર્ષિક શિબિર સ્વર્ણિમ ગુજરાતની અસ્મિતા યુવા શિબિર તા. ૨૮-૧૦ થી ૩-૧૧ દરમ્યાન યુનિવર્સિટી પરિસર ખાતે યોજાઈ ગઈ.

•     સ્વર્ણિમ ગુજરાતના અવસરને પર્યાવરણ સંદેશનું સંભારણું બનાવવા માટે ગુજરાત રાજયના સામાજિક વનીકરણ વિભાગ તથા યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટી પરિસરની પાંચ હેકટર જમીનમાં વીર નર્મદ વાટિકા તૈયાર કરવામાં આવેલ. જેનું ઉદઘાટન વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલ અને શિક્ષણમંત્રીશ્રી રમણભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું.

•     ઉચ્ચશિક્ષણમાં સુધારણાના સરકારશ્રીના પ્રયાસોને સહકાર આપવા માટે અનુસ્નાતક કક્ષાએ ચોઈસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમ અને સેમીસ્ટર સીસ્ટમ માટેની કાર્યશિબિર તા. ૨૪-૭-૨૦૧૦ના રોજ આયોજન કરવામાં આવેલ. સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત આચાર્ય સંવર્ધન શિબિર તા. ૧૬-૧૭- જાન્યુઆરી ૨૦૧૦ દરમ્યાન તથા વહીવટી કાર્યક્ષમતા શિબિર તા. ૬-૧-૨૦૧૦ના રોજ યુનિવર્સિટી પરિસરમાં યોજાઈ ગઈ.

•     યુનિવર્સિટી પરિસરનું એકમાત્ર અને સૌપ્રથમ એવા દૂરવર્તી શિક્ષણના કેન્દ્ર તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનું ગ્રંથાલયશાસ્ત્રનું અભ્યાસકેન્દ્ર યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઓગષ્ટ-૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલ છે.

•     યુનિવર્સિટી દ્વારા નવસ્થાપિત કોમર્સ ભવન એમ.કોમ. અંગ્રેજી મિડીયમની પ્રવેશ પ્રક્રિયા સાથે કોમર્સ ફેકલ્ટીનો વિભાગ શરૂ કરવામાં આવનાર છે.

•     આયોજન પંચ અને સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ હેઠળ સુરત જિલ્લાનો માનવ વિકાસ તૈયાર કરવા માટે રાજય સરકાર દ્વારા જણાવવામાં આવેલ. જેને પૂર્ણ કરીને રાજય સરકારને સુપરત કરવામાં આવેલ છે. તદપરાંત તાપી જીલ્લાનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી ચાલુ છે.

•     ૮-૧૦ ડિસેમ્બર દરમ્યાન NACC દ્વારા યુનિવર્સિટીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. ઉત્તમ શૈક્ષણિક પ્રણાલીઓ અને માળખાકીય સુવિધાઓના આધારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત

યુનિવર્સિટી ગુજરાત રાજયમાં NACC ગ્રેડમાં બીજો ક્રમ ધરાવે છે.

• યુનિવર્સિટીનું મુખ્ય કાર્ય સંશોધન અને પ્રકાશનનું છે. યુનિવર્સિટીને સમાજ સાચા સ્વરૂપમાં ઓળખતો થાય તેની બ્રાન્ડ ઈમેજ બંધાય તે માટે પ્રકાશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર 'દક્ષિણાયન' જાન્યુઆરી-૨૦૦૯ થી શરૂ કરવામાં આવેલ. જેના પચાસ અંકો પ્રસિધ્ધ થઈ ચૂકયા છે. 'દક્ષિણાયન'ના 'દીપે અરૂણું પરભાત'ને પુસ્તક સ્વરૂપ આપીને આજે જ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું; તથા સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા નર્મદને અંજલિ સ્વરૂપે નર્મદ વિષયક એક ગ્રંથ ગુજરાતીમાં અને એક ગ્રંથ અંગ્રેજી ભાષામાં પ્રસ્તુત કરીને આજે જ વિમોચન કરવામાં આવ્યું. આ ત્રણેય ગ્રંથો આઈએસબીએન ધરાવે છે તદ્પરાંત યુનિવર્સિટીએ ત્રણ નવીન રિસર્ચ જર્નલ્સ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જર્નલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જર્નલ ઓફ હયુમનીટીસ એન્ડ સોશ્યલ સાયન્સ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જર્નલ ઓફ મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેસન આઈ.એસ.એસ.એન. સહિત પ્રકાશિત કરવામાં આવ્યાં.

• લગભગ પડી ભાંગેલ પરીક્ષા તંત્રને પુનઃ નિયમિત કરવામાં આવેલ છે.

• બાહય અભ્યાસક્રમોની વ્યવસ્થા વિકેન્દ્રિત થતાં છેલ્લા અઢી વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦ હજારથી વધીને ૨૨ હજાર થઈ છે.

• બી.બી.એ., બી.સી.એ. તથા બી.કોમ. અભ્યાસક્રમની સુરત શહેરની કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા સિન્ગલ વિન્ડોથી ૧૬ હજાર વિદ્યાર્થીઓને પારદર્શક પ્રવેશ આપવામાં આવેલ છે.

• રાજયની યુનિવર્સિટીઓ પૈકી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ સૌપ્રથમ વખત આ વર્ષથી બી.એડ્.નો પ્રવેશ ઓનલાઈન શરૂ કરેલ છે.

• એમબીબીએસ પછી પી.જી. મેડિકલની પ્રવેશ પરીક્ષા સમગ્ર રાજયમાં સૌથી વધુ પારદર્શક બનાવી છે. વિદ્યાર્થીને પરીક્ષાના દિવસે જ ગણતરીના કલાકોમાં જ પરિણામ આપવામાં આવે છે. ઓએમઆર આન્સર-શીટની નકલ તથા ઉત્તરોની કી વિદ્યાર્થીને આપવામાં આવે છે, જેથી યુનિવર્સિટીના પરિણામ સાથે વિદ્યાર્થી જાતે સરખાવી શકે.

• વહીવટી સુધારણાઓ પૈકી વારસામાં મળેલા ૨૦૦૦થી વધુ ઓડિટ વાંધા પૈકી, મહત્તમ વાંધાની પૂર્તતા કરવામાં આવી.

• વર્ષોથી ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા હિસાબોનું ઓડિટ કરવાની પ્રથા બંધ હતી તે પુનઃ શરૂ કરાવી છે.

• માનનીય મુખ્યમંત્રીશ્રીના હકારાત્મક વલણને લીધે જુન-૨૦૧૧થી યુનિવર્સિટીમાં ગુજરાતીનો અનુસ્નાતક અભ્યાસક્રમ ગ્રાન્ટ-ઈન-એઈડ ધોરણે શરૂ કરવા માટે મારા એક પત્ર દ્વારા કરાયેલ વિનંતી પર સરકારી પરિપત્ર બહાર પાડી સાત અધ્યાપકોની જગ્યાઓ મંજૂર કરી છે. વીર નર્મદના નામ સાથેની યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગ નથીનું મહેણું દૂર કર્યું છે, તે માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભારી છું.

• સમયની પાબંધીને લીધે અનેક પ્રકારના વહીવટી સુધારાઓ કરી સમગ્ર વહીવટ વિદ્યાર્થીભિમુખ બનાવવા માટે યુનિવર્સિટીના અધિકાર મંડળોનો સંપૂર્ણ સહકાર મળ્યો છે, જેની નોંધ લઉ છું.

પુનઃ સૌ સ્નાતક તથા સ્નાતકોત્તર પદવીઓ માટે યોગ્ય નિવડેલા વિદ્યાર્થીમિત્રોને અભિનંદન પાઠવું છું.

પુનઃ આપ સૌને આવકાર તથા ધન્યવાદ.

Let your dreams be bigger
Let your vision be broader
Let your commitment the deeper
Let your life be full of cheers and meaningful.
ભારત માતા કી જય.
જય જય ગરવી ગુજરાત.

૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૧ — બી. એ. પ્રજાપતિ
કુલપતિ

મહામહિમ ડૉ. શ્રીમતિ કમલાજી, માનનીય કુલાધિપતિશ્રી અને રાજયપાલશ્રીના, પ્રમુખ સ્થાને ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી, નરેન્દ્ર મોદી, મુખ્ય મહેમાન પદે યુનિવર્સિટીનો ૪૨મો વાર્ષિક પદવીદાન સમારંભ તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ યુનિવર્સિટીના પર્વમંચ પર યોજાઈ ગયો.

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, સાંસદશ્રી સી.આર.પાટીલ, શ્રીમતી દર્શનાબેન જરદોષ, મેયરશ્રી રાજુભાઈ દેસાઈ, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી પૂર્ણેશ મોદી, જિલ્લા કલેકટરશ્રી એ. જે. શાહ, ધારાસભ્યશ્રીઓ, યુનિવર્સિટી પરિવાર, દાતાશ્રીઓ અને વિદ્યાર્થીઓની વિશાળ સંખ્યાની ઉપસ્થિતિમાં યુનિવર્સિટી પરિસરમાં અંદાજિત રૂા. ૧૮ થી ૨૦ કરોડના ખર્ચ તૈયાર થયેલ નવનિર્મિત આંતરરાષ્ટ્રીય કક્ષાના શ્રી સી.બી.પટેલ સ્ટેડિયમ અને ક્રિકેટ એકેડેમી, રૂા. ૫ કરોડ ૪૮ લાખ, ૬૧ હજારના ખર્ચે તૈયાર થયેલ ૧૨૦૦ની બેઠક વ્યવસ્થાની ક્ષમતા ધરાવતા સંપૂર્ણ વાતાનુકૂલીત કન્વેશન હોલ (ઓડિટોરિયમ) અને ક્રિકેટ એકેડેમીનું ઉદઘાટન, ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે રૂા. ૧ કરોડ ૩૦ લાખ ઉપરાંતના ખર્ચે તૈયાર થયેલ બોયઝ હોસ્ટેલ, રૂા. ૭૭.૨૮ લાખના ખર્ચે વિસ્તરણ પામેલા સોશ્યલ સાયન્સ ભવનને પણ ખુલ્લું મુકાયું હતું. તદપરાંત રમત-ગમત સંકુલમાં વિવિધ ઈનડોર સ્ટેડિયમ સ્પોર્ટસ માટેની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેમાં જીમ, બાસ્કેટબોલ, કોર્ટ, બેડમિન્ટન કોર્ટ સાથે પરંપરાગત રમતો માટેના મેદાનનું તકતી અનાવરણ કરી લોકાપર્ણ મહામહિમ રાજયપાલશ્રી ધ્વારા કરવામાં આવ્યું હતું.

પદવીદાન સમારંભમાં જુદી જુદી નવ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને સ્નાતક તેમજ અનુસ્નાતક પદવીઓ મહામહિમ કુલાધિપતિશ્રી ધ્વારા એનાયત કરવામાં આવી હતી. તદપરાંત વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક તેમજ વિવિધ પારિતોષિક મહામહિમ કુલાધિપતિશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ પદવીદાન સમારંભમાં વિદ્યાશાખાઓ પૈકી વિનયન - ૧૧૦૭૨, શિક્ષણ-૩૫૯૯, વિજ્ઞાન-૫૨૩૩, ઈજનેરી-૧૮૬૦, કાનુન-૧૧૮૭, તબીબી-૬૫૫, વાણિજય-૯૩૯૯, ગ્રામ્ય અભ્યાસ-૩૨૨ અને મેનેજમેન્ટ-૫૭૭ મળી કુલ ૩૩૮૮૪ તથા પીએચ.ડી.-૮૬ અનેએમ.ફીલ.ના ૧૩૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં ૧૪૩૮૫ વિદ્યાર્થીઓ અને ૧૯૪૯૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. તા. ૨૬-૨-૨૦૧૧ના રોજ આર્ટસમાં ૧૧૭૯, એજયુકેશન-

૧૫૩, સાયન્સ-૧૬૩૯, ઈજનેરી-૭૪૨, કાનુન-૩૭૦, મેડીકલ-૨૭૬, કોમર્સ-૨૫૭૨, મેનેજમેન્ટ-૧૦૨, રુરલ સ્ટડીઝ-૨૮, પીએચ.ડી.-૫૦ અને એમ.ફીલ-૪૬ મળી કુલ ૭૧૫૭ વિદ્યાર્થીઓને રૂબરૂમાં પદવી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આમ, રૂબરૂમાં પ્રમાણપત્રો આપવાની સરળ વ્યવસ્થા અને સંચાલનને સૌ પ્રથમવાર અદભૂત પ્રતિસાદ સાંપડયો હતો.

આ પ્રસંગે ISBN ધરાવતાં ત્રણ ગ્રંથોનું વિમોચન કુલાધિપતિશ્રી અને મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં કુલપતિશ્રી પ્રો.બી.એ.પ્રજાપતિ કૃત 'દીપે અરુણું પરભાત' અને યુનિવર્સિટી ધ્વારા પ્રકાશિત ડો. રાકેશ દેસાઈ સંપાદિત 'સોસાયટી એન્ડ લિટરેચર : નર્મદ ઈન ક્રિટિકલ ડીસકોર્ષ' નું વિમોચન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે અને ડૉ. જગદીશ ગુર્જર સંપાદિત 'સ્વર્ણિમ ગુજરાતનો સ્વપ્નદષ્ટા : વીર નર્મદ' પુસ્તકનું વિમોચન મહામહિમ કુલાધિપતિશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્વાગત પ્રવચનમાં કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ છેલ્લા અઢી વર્ષ દરમ્યાન યુનિવર્સિટીની વિકાસયાત્રા પ્રસ્તુત કરતાં જણાવ્યું હતું કે, વીર નર્મદના નામ સાથે સંકળાયેલ આ યુનિવર્સિટીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વતંત્ર ગુજરાતી ભાષા ભવન શરૂ કરવા મંજૂરી પ્રદાન કરવામાં આવેલ છે, જે જૂન ૨૦૧૧ થી શરૂ થશે.

યુનિવર્સિટીના પદવીદાનમાં સૈપ્રથમવાર ઉપસ્થિત રહેલ વિશાળ શ્રોતાગણને દીક્ષાંત પ્રવચન આપતાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આ પ્રસંગે એવા વર્ષે સંપન્ન થઈ રહયો છે કે જયારે ગુજરાત રાજયએ તેની સ્થાપનાનાં ૫૦ વર્ષ પૂર્ણ કર્યા છે અને આ સ્વર્ણિમ જયંતીના વર્ષમાં આજે બીજીવાર બની રહયું છે જયારે હું કોઈ પદવીદાન સમારંભમાં સંબોધન કરવા જઈ રહયો છું. આપણા સૌના માટે અને ખાસ કરીને તો મારા માટે આ એક યાદગાર પ્રસંગ બની રહયો છે. આ પ્રસંગે ડિપ્લોમાં અને ડિગ્રી મેળવનારા સૌ વિદ્યાર્થી મિત્રોને, ખાસ કરીને પરીક્ષામાં ઉજ્જવળ દેખાવ કરનારા અને ગોલ્ડમેડલ મેળવનારા વિદ્યાર્થીઓને હું અભિનંદન પાઠવું છું. તૈતિરીય ઉપનિષદનો એક પ્રસંગ મને યાદ આવે છે જેમાં તમારી જેમ જ ગુરૂકુલને વિદાય આપીને સંઘર્ષ અને પડકારોથી ભરેલા વિશ્વમાં પદાર્પણ કરવા જઈ રહયા હોય છે ત્યારે તેમના ગુરુ તેમને વિદાય સંદેશ આપે છે. ગુરુ પોતાના શિષ્યોને તેઓ ગુરુકુલમાં જે કંઈ શીખ્યા છે તેનો ઉપયોગ કરીને અને પોતાની સંસ્કૃતિની સાથે રહીને જીવન કેવી રીતે જીવવું તેની ચાવીઓ શીખવાડે છે. એક ઐતિહાસિક સત્ય પણ છે કે ભારતના મહાન વિશ્વવિદ્યાલયોમાંના એક એવા નાલંદાનો જયારે વિધ્વંશ કરવામાં આવ્યો ત્યારે OXFORD અને CAMBRIDGE સારી રીતે ઉભા પણ થયા ન હતા. આ આપણી ઉચ્ચશિક્ષણની વિરાસત છે. જ્ઞાનની આ સદીમાં ગુજરાતની ભૂમિકાના સ્વરૂપ અને દિશા નકકી કરવાનું ઉત્તરદાયિત્વ હવે આપણા સૌનું છે. મારે કહેવાની જરૂર નથી કે આંતર માળખાકીય સુવિધા, ઔદ્યોગિક વિકાસ અને નાણાંકીય રોકાણનાં ક્ષેત્રોમાં ગુજરાતે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. હાલમાં જ યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ આનો એક દાખલો છે. સમગ્ર દેશે આ ઘટનાની નોંધ લીધી. ઔદ્યોગિક વિકાસ અને મૂડીરોકાણ ક્ષેત્રે પ્રથમ સ્થાન મેળવ્યા બાદ આપણી સરકારે હવે પોતાનું ધ્યાન શિક્ષણ અને આરોગ્ય પર કેન્દ્રિત કર્યું છે. વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સાધવામાં આવેલા સહયોગને પરિણામે રાજયને અને વિદેશી સંસ્થાઓને એમ બન્ને પક્ષોને લાભ થશે. યુવાનો અને મહિલાઓ માટે જ્ઞાનનાં નવાં ક્ષેત્રો ખુલશે. વિદેશી યુનિવર્સિટીઓના સહયોગમાં જ્ઞાન અને કૌશલ્ય નિર્માણનાં નવા કેન્દ્રો ઉભા થશે.

'વાંચે ગુજરાત'ની વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓમાં વાચનની રુચિ કેળવાય તે માટે આ સ્વર્ણિમ વર્ષમાં આપણે 'વાંચે ગુજરાત' અભિયાન ઉપાડયું. આ તમામ પ્રયાસોને કારણે ગુજરાતમાં શિક્ષણકાર્યને અને ખાસ કરીને ઉચ્ચ શિક્ષણને વેગ મળશે. ગુજરાત સરકારના વિવિધ કાર્યક્રમોના અસરકારક અમલીકરણ માટે કે.સી.જી.ધ્વારા 'મિશન મોડ ઈમ્પ્લિમેન્ટેશન' માળખું ઉભું કરવામાં આવ્યું છે. છેલ્લા થોડાક વર્ષોથી ગુજરાતમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્ર એક શાંતિપૂર્ણ ક્રાંતિનું વાતાવરણ પ્રવર્તી રહયું છે. રાજય સરકાર 'ચોઈસ બેઝડ ક્રેડિટ સિસ્ટમ'નું અમલીકરણ કરી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ પોતાના દીક્ષાંત પ્રવચનમાં એડમન્ડ હિલેરી, હેરી પોટરની લેખિકા ઓપ્રાહ વીન્ફ્રે અને ઝેન ગુરુની વાત કરીને વિદ્યાર્થીઓને પ્રેરણા આપીને ગુજરાતની સ્વર્ણિમ જયંતીના આ વર્ષમાં આપણે માનવ ઘડતર માટેના પ્રયાસ કરવા આહવાન કર્યુ હતું.

મહામહિમ કુલાધિપતિશ્રીએ આશિષ આપતાં જણાવ્યું કે, આંખોમાં સપનું આંજીને કઠોર પરિશ્રમ તથા તપસ્યા બાદ આજે વિદ્યાર્થીઓને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેનું ભાથું લઈને સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ માટેનું લક્ષ્ય હાંસલ કરવા અને માતા-પિતાની અપેક્ષાઓ પૂર્ણ કરવા જણાવ્યું હતું.

પદવીદાન સમારંભનું સમાપન કરતાં કુલસચિવશ્રી પ્રા. જે. આર. મહેતાએ પોતાની લાક્ષણિક શૈલીમાં સૌ કોઈનો આભાર માન્યો હતો.

**ગ્રંથ વિમોચન (ISBN 978-81-921045-1-5)**



**ગ્રંથ વિમોચન (ISBN 978-81-921045-0-8)**



**ગ્રંથ વિમોચન (ISBN 978-81-921045-2-2)**



## Awards and Medals (2010)

**Tiwari Bulbul Ramankant.** SHRI S.S. PUBLIC CHARITABLE TRUST MEDAL- HINDI (PRIN.) B.A. PROF. THAKORBHAI M. DESAI PRIZE HINDI (PRIN.)- B.A. (Smt. J.P. Shroff Arts College, Valsad)

**Mistri Nilam Kalidas.** NYAYRATNA SHRI LALLUBHAI B. DESAI PARITOSHIK- GUJARATI (PRIN.) B.A., OJAS TRUST PRERIT ACHARYA KUNJVIHARI MEHTA PRIZE- GUJARATI (PRIN.) B.A., SWARGASTH SHRI NATHUBHAI D. PATEL PARITOSHIK - GUJARATI (PRIN.) B.A. (J.Z. Shah Arts & H.P. Desai Comm. College, Amroli, Surat)

**Choksi Harshidaben Rameshbhai.** CHANANMAL SAHANI ENGLISH MEDAL- ENG. (PRIN.) B.A. (Shri Jayendrapuri Arts & Science College, Bharuch)

**Joshi Aditya Maheshchandra.** SWARGASTH PROF. ARVINDBHAI T. JARIWALA PRIZE IS EQUALLY DISTRIBUTED- ENG.(COMP.) B.A., (Navyug Arts College, Rander, Surat)

**Mahajan Poojaben Nandraj.** SWARGASTH PROF. ARVINDBHAI T. JARIWALA PRIZE IS EQUALLY DISTRIBUTED- ENG.(COMP.) B.A., (S.B. Garda Arts & P.K. Patel College of Commerce, Navsari)

**Rajwadi Jignashaben Devjibhai.** SWARGASTH PROF. ARVINDBHAI T. JARIWALA PRIZE IS EQUALLY DISTRIBUTED- ENG.(COMP.) B.A., (Shri Jayendrapuri Arts & Science College, Bharuch)

**Prajapati Varshaben Govindbhai.** Dr. DHIRENDRA MEHTA MEDAL- PSYCH. (PRIN.) B.A., (Shri Jayendrapuri Arts & Science College, Bharuch)

**Chaudhari Vishakha Vasantrai.** RAO BAHADUR P. C. DIWANJI PRIZE- SOCIO. (PRIN.)B.A., (Smt. R.P. Chauhan Arts & Smt. J.K. Shah & Shri K.D. Shah Commerce College, Vyara)

**Patel Hemalibahen Jayendrabhai.** PARAM PUJYA SADGURU SHRI NARAYAN SWAMI MEDAL IS EQUALLY DISTRIBUTED- SANSKRIT (PRIN.) B.A., VEDMURTI PANDIT SHRIPAD D. SATAVLEKAR MEMORIAL PARITOSHIK IS EQUALLY DISTRIBUTED- SANS. B.A., SHRI C. M. TIJORIWALA & SMT. CHAMPABEN C.TIJORIWALA PARITOSHIK- SANS. (PRIN.) B.A., (Shri Jayendrapuri Arts & Science College, Bharuch)

**Oza Spinaben Pravinchandra.** PARAM PUJYA SADGURU SHRI NARAYAN SWAMI MEDAL IS EQUALLY DISTRIBUTED - SANS (PRIN.) B.A., VEDMURTI PANDIT SHRIPAD DAMODAR SATAVLEKAR MEMORIAL PARITOSHIK IS EQUALLY DISTRIBUTED- SANS. B.A., (Rofel Arts & Comm. College, Vapi)

**Sanepara Ankitaben Ranchhodbhai.** SHRI B.K. MAJMUDAR PRIZE- ECO. B.A., PROF. B. V. MEHTA PARITOSHIK- ECO. (PRIN.) B.A., PROF.A.S.CHARAN MEDAL- ECO. B.A. (J.B. Dharukawala Arts & J.B. Gabani Commerce College, Surat)

**Bhalodiya Harshidaben Sundarjibhai.** NAVSARI NAGAR PALIKA ARPIT PETRIYOT D. NAVROJI, MEDAL- POL. SCI (PRIN.) B.A., H.R. Shah Mahila Arts & Comm. College, Navsari)

**Kabiria Darpana Jayanti.** SWARGASTH VIRMATIBEN B. DESAI (VAKIL) PRIZE IS EQUALLY DISTRIBUTED- POL. SCI. First Year B. A. (Gov. Arts, Science & Comm. College, Daman)

**Patel Bhoomikaben Mohanlal.** SWARGASTH VIRMATIBEN B. DESAI (VAKIL) PRIZE IS EQUALLY DISTRIBUTED- POL. SCI. First Year B. A. (H.R. Shah Mahila Arts & Commerce College, Navsari)

**Ahir Nehalkumari Maganbhai.** SADGAT SMT. PADMABEN & CHHOTUBHAI L. DESAI, AAT, TAL. NAVSARI PRIZE- POL. SCI. (SUB) S.Y. B.A. (S.B. Garda Arts & P.K. Patel College of Comm., Navsari)

**Maniya Asha Dharamshibhai.** SHRI GULABBHAI R. MEHTA PRIZE- HIST. (PRIN.) B.A., (M.T.B. Arts College, Surat)

**Jain Riddhi Nihalchand.** MANGALYA MEDAL- B.Com. SHRI ASHWIN MEHTA PRIZE- B.Com. SHRI CHANDULAL H. SOPARIWALA PRIZE- Auditing & Mgt. A/c. as Special Subject -B. Com., (S.P.B. English Medium College of Comm., Surat)

**Vaid Minakshi Hansraj.** BHUTPURVA VIDHYARTHIO PRERIT PRIN. A. C. CHOKSI MEDAL- Auditing & Mgt. A/c. as Special Subject - B.Com. LATE RATI AND LATE NAOSHIRWAN KARANJIA GOLD MEDAL- ACCONTANCY.B.Com. (K.B. Sumeria Commerce & Natraj Professional Science College, Vapi)

**Shingala Radhikaben Chhaganbhai.** THE SURAT MERCANTILE CO-OP. BANK LTD. PRERIT B.P. DESAI MEDAL- BANKING. B.Com. SHRI SURCHAND PANACHAND ZAVERI PRIZE- BANKING. B.Com.SHRI B. K. MAJMUDAR PRIZE. BANKING.B.Com. (K. P. College of Commerce, Surat)

**Jangid Manisha Ramniwas.** NILKANTH B. PATOLAWALA PRIZE - MERCANTILE LAW B.Com. (S.P.B. English Medium College of Commerce, Surat)

**Shah Khushbuben Pravinbhai.** HEMALBEN S. DESAI PRIZE IS EQUALLY DISTRIBUTED- BUSINESS ADMN. B.Com. (K.P. College of Commerce, Surat)

**Solanki Falguni Nareshbhai.** HEMALBEN S. DESAI PRIZE IS EQUALLY DISTRIBUTED- BUSINESS ADMN. B.Com. (K.P. College of Comm, Surat)

**Sojitra Niral Kanubhai.** HEMALBEN S. DESAI PRIZE IS EQUALLY DISTRIBUTED- BUSINESS ADMN. B.Com. (S.B. Garda Arts College & P.K. Patel College of Commerce, Navsari)

**Patel Bhumikaben Mohanbhai.** HEMALBEN S. DESAI PRIZE IS EQUALLY DISTRIBUTED- BUSINESS ADMN. B.Com. (Z.F. Wadia Women's College & N.K. Johta College of Commerce, Surat)

**Prajapati Arun Bhavanbhai.** HEMALBEN S. DESAI PRIZE IS EQUALLY DISTRIBUTED- BUSINESS ADMN. B.Com. (Smt. S. P. Vyas Arts & Akhand Anand Commerce College, Ved, Surat)

**Tandel Parulben Laxmanbhai.** SHRI CHHOTUBHAI B. MARFATIA PRIZE- First Year B. Sc., (V.S. Patel College of Arts & Science College, Billimora)

**Panchal Hiralbahen Manojkumar.** SWARGASTH SHRI KISANLAL R. KAZI MEMORIAL MEDAL- B.Sc., SHRI BABUBHAI J. PATEL SHASHTIPURTI PRIZE- B.Sc. SHRI PARAMAHANS Y. MEDAL - B.Sc. (V.S. Patel College of Arts & Science College, Billimora)

**Joshi Sonica Rajendrabhai.** NAVNIRMAN SAMITI NAVSARI & DR. RAMABEN KAPADIA ARPIT VIKRAM MEHTA & MOHANBHAI PATEL- ENG. (COMP.) B.Sc., (Sir P. T. Sarvajanik College of Science, Surat)

**Gohil Nehakumari Narendrasinh.** DR. B. N. DESAI PRIZE- CHEM. (PRIN.) B.Sc. DR. R. K. MAPARA PRIZE- CHEM. (PRIN.) B.Sc., PRIN.DR.KUSUMBEN R. DESAI MEDAL- CHEM. (PRIN.) B.Sc.., (Shri Jayendrapuri Arts & Science College, Bharuch)

**Patel Upagnabahen Ramanlal.** DR. Y. G. NAIK MEMORIAL MEDAL- PHY. (PRIN.) B.Sc., SMT. AVANTIKA C. PATHAK PRERIT SWARGASTH PROF. C. V. PATHAK MEDAL- PHY. B. Sc., (B.K.M. Science College, Valsad)

**Panchal Hiralbahen Manojkumar.** PRIN. N. M. SHAH MEDAL- MATH. B.Sc., (V.S. Patel College of Arts & Science, Billimora)

**Chavda Beena Bankimchandra.** DR. I. N. SOLANKI PRIZE- BOTANY (PRIN.) B.Sc., (B.K.M. Science College, Valsad)

**Bhavsar Chaitali Jagdishbhai.** SMT. ICHCHHABEN G. MEHTA (B. SC. MICROBIOLOGY) PRIZE- MICRO. (PRIN.) B.Sc., (B.P. Baria Science Institute, Navsari)Tanawala Manish Mahendrabhai. G. U. PATEL LAW OF TORTS PRIZE- Law of Torts. First LL. B. (V. T. Choksi Sarvajanik Law College, Surat)

**Tanawala Manish Mahendrabhai.** G. U. PATEL LAW OF TORTS PRIZE- Law of Torts. First LL. B. (V. T. Choksi Sarvajanik Law College, Surat)

**Varsoliwala Nehal Chandrakant.** SHRI ASHWIN MEHTA PUBLIC CHARITABLE TRUST, SHRI SURCHAND P. ZAVERI & SHRI JASHVANT P. ZAVERI PRIZE- Second LL.B., SHRI RANDHIR P. DESAI PRIZE- Second LL.B., (V. T. Choksi Sarvajanik Law College, Surat)

**Mehta Tirthesh Prabhulal.** SHRI UJAMSI SHAH VIDHYARTHI KALYANNIDHI MEDAL- Third LL.B. (Special), SHRI KUSUMBEN N. D. SHAH PARITOSHIK- Third LL.B. (Special), (V. T. Choksi Sarvajanik Law College, Surat)

**Das Pujankumari Lakshman.** POST MASTER SHRI CHHOTALAL RAY CHAND SHETH, DAHIBEN, CHAMPAKBHAI & LALITABEN PRIZE- LL.M., (V.T. Choksi Sarvajanik Law College, Surat)

**Patel Krutiben Bholabhai.** MRS. RASHMI HARESH SHAH MEDAL - P.G. D.M.L.T., SMT. SHARDA AMBELAL DESAI PRIZE - P.G. D.M.L.T., (The Sarvajanik Medical Trust, Surat)

**Gandhi Sima Subhashchandra.** PROF. B. V. MEHTA MEDAL- PUBLIC FINANCE & SOCIAL A/C. (ECO) M. A. Part-I (Full Time), (Vanraj Arts & Commerce College, Dharampur)

**Patel Pragnabahen Pravinbhai.** SHRI RANCHHODJI B. NAIK & SMT. MANIBEN R. NAIK (SARAV) PRIZE- M. A., SOMYAGNA AYOJAN SAMITI PRIZE- SANSKRIT (ENTIRE) M.A., DR. A. D. SHASTRI MEDAL- SANSKRIT (ENTIRE) M.A., (M.R. Desai Arts & E.E. Laher Kosadiya Commerce College, Chikhli)

**Patel Krishna Ishvarbhai.** SHRI DHIRAJLAL V.A. SHROFF MEDAL- ENTIRE ENG. M.A., PROF. H.C. TRIVEDI MEDAL- ENTIRE ENG. M.A., PROF. INDUBALA PANDYA MEDAL- ENTIRE ENG. M.A., (Department of English, V.N.S.G.U., Surat)

**Vankar Dharmeshkumar Vitthalbhai.** PROF. MOHANLAL P. DAVE ROTATING MEDAL- GUJ. (ENTIRE) M.A. GANIBHAI DAHIWALA SMARAK SAMITI PRIZE- GUJ. (ENTIRE) M.A., (J.M. Shah Arts & Commerce College, Jambusar, Bharuch)

**Patel Kajalkumari Amrutbhai.** DAWAR PUBLIC CHARITABLE TRUST MEDAL- HINDI (ENTIRE) M.A. , (Babubhai B. Avichal Arts & Commerce College, Mandvi)

**Dubey Garima Dinesh.** SMT. SHARDAA. DESAI PRIZE- ECO. M.A., SMT. MANIBEN R. NAIK & SHRI RANCHHODJI B. NAIK (SARAV) PRIZE IN - ECO. M.A. SWARGASTH SHRI VYOMESH CHANDRA J.PATHAKJI PRIZE- ECO. M.A., SHRI B. K. MAJMUDAR MEDAL ECO. (PRIN.) M.A., (Department of Economics, V.N.S.G.U., Surat)

**Prajapati Vibhutibahen Nareshbhai.** KHAND UDHYOG BARDOLI MEDAL- AGRI. ECO. M.A. (Department of Economics, V.N.S.G. University, Surat)

Solanki Krupa Hasmukhbhai. SWARGASTH SHRI KISHORCHANDRA P. JOBANPUTRA MEDAL- IND. ECO. M.A. (Department of Economics, V.N.S.G.U, Surat )

**Patel Binalben Hemantbhai.** PROF.A.S.CHARAN MEDAL- ECO. OF HUMAN RESO. M.A., (Deptt. of Economics, V.N.S.G.U., Surat )

**Yadav Rajeshwari Devnath.** PROF.A.S.CHARAN PARITOSHIK- ECONOMETRICS. M.A., (Deptt of Economics, V.N.S.G.U., Surat)

**Patel Pinalben Sureshbhai.** SWARGASTH SHRI SHASHIKANT A. PATEL (LETHWALA) MEDAL SOCIO. M.A., SMT. SHARDA A. DESAI PRIZE- SOCIO. M.A., (Deptt of Sociology, V.N.S.G.U., Surat)

**Gamit Prakashbhai Gobjibhai.** DR. JAGNATH PATHIZ GOLD MEDAL- SOCIO. M.A. Part -I, (Deptt of Sociology, V.N.S.G.U., Surat)

**Chavdhari Alkeshbhai Ikalbhai.** SHRI & SMT. PROF DIPTIBEN A. HARIYANI (NAVSARI) MEDAL- HIST. M. A.,ITIHASKAR NANUBHAI K, DESAI PRIZE- HIST. M. A., (S.B. Garda Arts College & P.K. Patel College of Commerce, Navsari)

**Patel Monika Mahendrabhai.** SHRI A. K. TRIVEDI PRIZE- PSYCH. M.A., JAR SAWAK MADAN (NAVSARI) PARITOSHIK- PSYCH. M.A., (M.T.B. Arts College, Surat)

**Manjra Farhanabibi Mohammedanwer.** HARI OM ASHRAM ARPIT SIR P.T. MEDAL- M.Com. SWARGASTH KUM. NILIMA MAJMUDAR SMARAK MEDAL- Financial & Mgt.Acct. M. Com. (Sir K.P. College of Commerce, Surat)

**Khan Nabila Mohmadazim.** DR. Y.G. NAIK MEMORIAL PRIZE- PHYSICS. M.Sc. Part - I, (Department of Physics, V.N.S.G.U., Surat)

**Chaudhari Nitixakumari Mukulbhai.** DR. C. M. DESAI PRIZE - CHEMI. M.Sc. Part - I, (Department of Chemistry, V.N.S.G.U., Surat)

**Patel Geetaben Vashrambhai.** DR. H. B. NAIK MEDAL- CHEMI. M.Sc., SWARGASTH SHRI RATILAL N. DESAI MEDAL- CHEMI. M.Sc., DR. I.G. VASHI PRIZE - CHEMI. M.Sc., (Department of Chemistry, V.N.S.G.U.,Surat)

**Rane Rupeshkumar Purushottam.** PROF. PRAMODBHAI D. DESAI PRIZE- ORG. CHEM. M.Sc., DR. C. M. DESAI PRIZE- ORG. CHEM. M.Sc. PROF.(DR.) KISHORBHAI R. DESAI MEDAL - ORG. CHEM. M.Sc., (B.K.M. Science College, Valsad)
**Patel Jigneshkumar Jayantibhai.** DR. B.K. VAIDYA CHEMISTRY PRIZE - PHY. CHEM. M.Sc., (Department of Chemistry, V.N.S.G.U, Surat)
**Jariwala Jatin Chandrakantbhai.** DR. H. B. NAIK ANALYTICAL CHEMISTRY PRIZE- ANA. CHEM M.Sc., (Deptt of Chemistry, V.N.S.G.U., Surat)
**Patel Nimisha Parsottambhai.** SMT. SHARDA A. DESAI PRIZE- BIOSCIENCE. M.Sc.. DR. C.Z. SHAH MEDAL- BIOSCIENCE. M.Sc., (Deptt of Bio-Science, V.N. S.G. U, Surat)
**Ghosh Sandhyaben Subodchandra.** VAIDYARAJ BAPALAL VAIDYA MEDAL- M.Sc.Plant Sci, Med. Plant., (Deptt of Bio-Science, V.N.S.G.U., Surat)
**Gohil Smrutikumari Mansinh.** SWARGASTH CHIMANLAL D. RAIJIWALA & SMT. CHAMPAVATI C. RAIJIWALA PRIZE- ELECTRONICS. M.Sc. (Deptt of Physics, V.N.S.G.U., Surat)
**Daga Suman Ramavtar.** PROF. D.G. VASHI MEDAL- STAT. M.Sc., (Deptt of Statistics, V.N.S.G.U, Surat)
**Desai Khyati Ramanbhai.** PROF. DR. A.P. VERMA MEDAL- MATH. M.Sc., (B.K.M. Science College, Valsad)
**Shaikh Shabana Mohd.** Hussain. HARI OM ASHRAM ARPIT SIR PRABHASHANKAR PATNI MEDAL- M.P.A. SMT. SHARDA A. DESAI PRIZE- M.P.A. (Deptt of Public Admn, V.N.S.G. U., Surat)
**Chaudhari Tinuben Madhubhai.** DR. V. K. MADALIA PARITOSHIK- M.R.S. Part- I (Deptt of Rural Studies, V.N.S.G.U, Surat)
**Patel Jayeshkumar Bhalsinhbhai.** DR. V. K. MADALIA MEDAL- M.R.S. Part- II, (Deptt of Rural Studies, V.N.S.G.U.Surat)
**Gupta Mehul Ashokkumar.** SWARGASTH JUGATRAM T. DAVE MEDAL IS EUQLLY DISTRIBUTED- M.L.W. Part-II, (Deptt of Research Methodology, V.N.S.G.U, Surat)
**Sutaria Hardikkumar Kiritbhai.** SWARGASTH JUGATRAM T. DAVE MEDAL IS EUQLLY DISTRIBUTED- M.L.W. Part-II, (Deptt of Research Methodology, V.N.S.G.U, Surat)
**Patel Shreyas Yogeshbhai.** HARI OM ASHRAM ARPIT SWARGASTH SHRI GORDHANDAS C. MEDAL- M.H.R.D. Part-II, (Deptt of Research Methodology, V.N.S.G.U., Surat)
**Jain Divya Ashok.** SWARGASTH THAKORBHAI J. PATEL (BHARTHANA) MEDAL- M.B.E, (Department of Economics, V.N.S.G.U., Surat)
**Tandel Anjanabahen Devchandbhai.** ACHARYA DR. D.V. DESAI PRIZE- B.ED. Part - I ACHARYA CHANDRAVADAN SHAH MEDAL - B.Ed. , (Shri Rang Shikshan Mahavidyalaya, Bilimora.)
**Patel Piyushkumar Kanubhai.** HARI OM ASHRAM ARPIT MAHARSHI DAYANAND SARASVATI MEDAL- M.Ed. , (Deptt of Education, V.N.S.G.U., Surat)
**Mehta Tapesh Chandrakantbhai.** SWARGAST SHRIMATI JASHUBEN K. DESAI MEDAL- M.Sc. (IT) 8th Sem.. (M.Sc. (I.T.) V.N.S.G. U., Surat)
**Darji Ira Jagdishbhai.** PRIN B.N. PATEL AND DR. C.M. DESAI MEDAL- M.Sc. (Chem/Bio-Sci (All Branches) & M.Sc. (I.T.) (M.Sc. (I.T.) V.N.S.G. U., Surat)
**Garg Rashmi Bansidhar.** SMT. SHARDA A. DESAI PRIZE- M.B.A. (F.T.), SWARGASTH HIRALAL M. BACHKANIWALA MEDAL- M.B.A. (F. T.), (Bhagwan Mahavir College of Management, Surat)
**Khopkar Ajay Anil.** WINTEX MEDAL- M.B.A. (Evening), (Narmada College of Management, Zadeshwar)
**Chaudhari Prince Naginbhai.** PRAMUKH GEMS, SURAT PRERIT "PRAMUKH EDUCATION AND CHARITABLE TRUST MEDAL- B.H.M.S (C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.)
**Karandikar Uttara Sharad.** SWARGASTH PARAGJI R. DESAI & SWARGASTH MANIBEN PARAGJI DESAI (SURAT) PRIZE- M.S. (Oph) (Government Medical College, Surat)
**Shivashankar Bandu Marajakke.** DR. RASIKLAL M. PARIKH MEDAL- M.S. (General Surgery) DR. SUDARSHAN H. PANDIT (EYE SPECIALIST) OF INDORE MEDAL- M.S. (General Surgery) (Government Medical College, Surat.)
**Dudhwala Priyanka Dhansukhlal.** SWARGASTH DR. AKEN DESAI SMRUTI MEDAL- M.S. (Gyn.) (Government Medical College, Surat.)
**Shweta Goel.** DR. H.K. GAUR MEMORIAL MEDAL- M.D. (Pedi.) (SMIMER, Surat)
**Sherdiwala Bhumika Bharatkumar.** SWARGASTH SMT. PRAMILA D. DESAI MEDAL- M.D. (Anes.) (SMIMER, Surat)
**Bansal Rakeshkumar Satpal.** HARI OM ASHRAM PRERIT DR. R. K. DESAI- M.D. (P.S.M.) DR. N.R.MEHTA MEDAL- M.D. (Com. Med.), (Government Medical College, Surat)
**Mehta Noopur Rajkumar.** DR.H.P.SHASHTRI PRIZE- First M.B.B.S. (Gov. Med. College, Surat)
**Kapadia Shahenaz Farokh.** DR. J. L. SERVICES MEDAL- MEDICINE Third M.B.B.S., SMT. SHANTABEN B. DESAI PRIZE- Third M.B.B.S., DR. AMTHALAL G. DESAI PRIZE- Third M.B.B.S., OJAS TRUST PRERIT J. L. PARITOSHIK- Third M.B.B.S., DHANMAI PESTONJI B. NEKU MEDAL IS EUQLLY DISTRIBUTED - MEDICINE Third M.B.B.S., SMT. AMBABEN A. DESAI PRIZE IS EUQLLY DISTRIBUTED- MEDICINE Third M.B.B.S., Feb-10. (SMIMER, Surat)
**Harsh Deo Pandey.** DHANMAI PESTONJI B. NEKU MEDAL IS EUQLLY DISTRIBUTED- MEDICINE Third M.B.B.S., SMT. AMBABEN AMTHALAL DESAI PRIZE IS EUQLLY DISTRIBUTED- MEDICINE Third M.B.B.S., (Government Medical College, Surat.)
**Agrawal Grishma Dashrath.** DR. CHAMPAKLAL J. GHIA PRIZE - SURGERY Third M.B.B.S., SHRI PESTONJI BHIKHAJI D. NEKU MEDAL-SURGERY Third M.B.B.S., SMT. JAYWANTIBEN A. KOTHARI PARITOSHIK- SURGERY Third M.B.B.S.,(Govt Medical College, Surat)
**Agrawal Kavita Khemchand.** PROF. NATVARLAL R. MEHTA PRIZE - P.S.M. Third M.B.B.S. Part-I, (Govt Medical College, Surat)
**Vikas Janu.** SHRI CHHAGANLAL M. TIJORIWALA

PRIZE- Gynecology Third M.B.B.S., (Govt Medical College, Surat)

**Shah Premalkumar Vijaykant.** SHREE HARI OM ASHRAM ARPIT SHRI S.B. JUNNARKER MEDAL- B.E. (Mech), SVARCAT SURAT SJY - 1986 BOMBAY FOOD MEDAL- B.E. (Mech), SIDDHARTH GUPTA MEDAL- B.E. (Mech), (S'ad Vidya Mandal Institute of Technology, Bharuch)

**Patel Bhautik Kantibhai.** CAPTAIN NOSHIR HORMOSJI WADIA MEDAL B.E. (Ele), SVARCET SURAT SJY - 1986 SURAT ELECTRICITY CO. MEDAL- B.E. (Ele), (S'ad Vidya Mandal Institute of Technology, Bharuch)

## ગુજરાત અર્થશાસ્ત્ર મંડળ : ૪૧ મી વાર્ષિક પરિષદ



યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના યજમાનપદે, ગુજરાત અર્થશાસ્ત્ર મંડળની ૪૧મી વાર્ષિક પરિષદ તા. ૨૯-૩૦ જાન્યુઆરી, ૨૦૧૧ દરમ્યાન યોજાઈ ગઈ. આ પરિષદમાં ગુજરાતમાંથી લગભગ ૫૦૦ જેટલા અર્થશાસ્ત્રી પ્રાધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પરિષદમાં ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના પૂર્વ પ્રો. અને અધ્યક્ષ ડૉ. જાફરહુસેન લાલીવાલાએ અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. જેમાં (૧) પ્રોત્સાહનો પછીની સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્રીય નીતિ અને (૨) ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણમાં સ્વાયાત્તાના અને ઉત્તરદાયિત્વ પર પેપર્સ રજૂ કરવામાં આવ્યાં અને ચર્ચા કરવામાં આવી. આ પરિષદ દરમ્યાન પ્રખ્યાત ગાંધીવિચાર ચિંતક મુ. શ્રી ચુનીભાઈ વૈદ્યે, ડૉ. ડી. ટી. લાકડાવાલા મેમોરીયલ વ્યાખ્યાન આપ્યું હતું. ઉદ્દ્ઘાટન સમારંભ તા. ૨૯મી જાન્યુઆરી. ૨૦૧૧ ના રોજ યોજાયો હતો. પ્રારંભિક ઉદ્દ્બોધન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. સુભદ્રા રાણેથામને કર્યું હતું. જયારે



ઉદ્દ્ઘાટન વકતવ્ય ગુજરાત કો.-ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેનેજીંગ ડાયરેકટર પ્રો. આર. એસ. સોઢીએ આપ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને કુલપતિ ડૉ. બી. એ. પ્રજાપતિ ઉપસ્થિત રહયા હતા. અને તેમણે અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. આ પરિષદમાં સ્વ. ડૉ. આઈ. જી. પટેલ (ભૂતપૂર્વ ગર્વનર આર. બી. આઈ., ભૂતપૂર્વ ડીન લંડન સ્કુલ ઓફ ઈકોનીમકસ)ના ધર્મપત્ની શ્રીમતી અલકનંદાબેન, રજિસ્ટ્રાર પ્રો. જે. આર. મહેતા હાજર રહયા હતા. ગુજરાત અર્થશાસ્ત્ર મંડળના સેક્રેટરી ડૉ. મોહનભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું હતું. આ પરિષદમાં અર્થશાસ્ત્ર વિભાગના ડૉ. કિર્તી એસ. ઝાંખરીયાએ ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી તરીકે સેવા આપી હતી અને આભાર વિધિ કરી હતી. આ ઉપરાંત આ પરિષદ દરમ્યાન તા. ૩૦-૧-૨૦૧૧ના રોજ 'સુરત મહાનગરપાલિકાના કમિશનર એસ. અપર્ણાએ સુરતના શહેરી વિકાસ પર પોતાના વિચારો રજૂ કર્યા હતાં. જયારે સુરતના કાપડ ઉધોગના અગ્રણી શ્રી અરૂણભાઈ જરીવાલાએ આવનારા દસ વર્ષમાં કાપડ ઉધોગનો વિકાસ અને પ્રશ્નો પર વકતવ્ય રજૂ કર્યું હતું. સુરતમાં હીરા ઉધોગના વિકાસ પર શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ અને રામકૃષ્ણ એકસપોર્ટ્સના ચેરમેન શ્રી ગોકુલભાઈ બક્ષીએ સેવા આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી સેજલબેન શાહ તથા શ્રી રૂપેશ દવેએ કર્યું હતું. જયારે આભાર વિધિ ડૉ. ગૌરાંગ રામીએ કરી હતી.

## સેમિનાર



તા. ૮ મી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ હયુમન રિસોર્સ ડેવલપમેન્ટના ઉપક્રમે ડાયરેકટર ઓફ સેન્સસ ઓપરેશન ગુજરાત સ્પોન્સર્ડ " સેન્સસ ઓપરેશન-૨૦૧૧" નો સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ સેમીનારનો ઉદ્દેશ લોકોને સેન્સસ ૨૦૧૧ના વિશે માહિતગાર કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રોફેસર અને વિભાગીય વડા ડૉ. કિરણ પંડયાએ સેન્સસ-૨૦૧૧ અંગે માહિતગાર કરી આ સેન્સસ પહેલાના સેન્સસોથી કઈ રીતે અલગ છે અને એનો માનવ સંસાધન વિકાસ ક્ષેત્રે કેટલું મહત્વનું છે એ દર્શાવ્યું હતું. આ સેમીનારમાં પ્રમુખ વકતા તરીકે શ્રી સી.એચ.રાજીવ સીનયર જીયોગ્રાફર, ડાયરેકટર ઓફ સેન્સસ ઓપરેશન ગાંધીનગરે, વકતવ્ય રજુ કર્યું હતું. બીજા વકતાઓમાં મધુસુદન રાજ, શ્રી અશ્વિન સુદામી, ડૉ. ગૌરાંગ રામી અને ડૉ. સત્યક્રમ જોષી સામેલ હતા. વકતાઓએ સેન્સેસના વિવિધ પાસાઓ જેવા કે લીટરરેસી રેટ, જેન્ડર સેનસીટીવીટી એન્ડ ડીસીબીલીટી, ટ્રાઈબલ ઈન સેન્સસ વિગેરે પર વકતવ્ય આપી લોકોને સેન્સેસના મહત્વથી અવગત કરાવ્યાં હતાં. આ સેમીનારમાં વિવિધ સંસ્થાઓ, યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજયુએટ ડિપાર્ટમેન્ટમાંથી પ્રોફેસરો, વિદ્યાર્થીઓ અને રિસર્ચ સ્કોલરોએ ભાગ લીધો હતો. આ સેમીનારનું આયોજન અને વહીવટ એચ.આર.ડી. વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મહેરનોશ ઝવેરીએ સેમીનારના કન્વિનર તરીકે કર્યું.

## આર્કાઈવઝ

આપણી યુનિવર્સિટીનો ઈતિહાસ સચવાઈ રહે તે હેતુથી યુનિવર્સિટી ગ્રંથાલયના આર્કાઈવઝમાં યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત વિવિધ પ્રકારનાં પ્રકાશનો અને છેલ્લા અઢી વર્ષ દરમ્યાન યોજવામાં આવેલા વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનાં આમંત્રણ કાર્ડ, ફોટાઓ અને સી.ડી.ઓનું સંકલન કરીને સંગૃહિત કરવામાં આવેલ છે. જેની સૂચિ યુનિવર્સિટી ગ્રંથાલયની વેબસાઈટ www.vnsgulibrary.org પર ઉપલબ્ધ છે.

## વ્યાખ્યાન

યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં ઈન્ડીયન ફીઝીકસ એસોસીયેશનનાં ઉપક્રમે શું ફોટોન અસ્તીત્વ ધરાવે છે ? વિષય પર એમ. એસ. યુનિવર્સિટીનાં એટલાઈડ ફીઝીકસ વિભાગના પ્રોફેસર ઓફ એમેરીપ્સ, પ્રો.વી.એન.પોદભરે વ્યાખ્યાન આપતાં જણાવ્યું કે ફોટોન એ પ્રકાશનાં મૂળભૂતકણો છે. ફોટોનના ખ્યાલો પર કવોન્ટમ મીકેનીકલનો ઉદ્ભવ થયો છે. અને વિકાસ થયો છે. ફોટોનનાં અસ્તિત્વ અને અનેકવિધ પ્રયોગો અને પ્રયત્નો થયાં છે. ફોટોનનાં અસ્તિત્વથી કણ અને તરંગનાં દ્વૈતવાદને અનુમોદન મળ્યાં છે. ફોટોન અંગે ખ્યાલો અને મૂળભૂત સોંપાવનાને પ્રતિપાદિત કરવા થયેલ પ્રયોગ તેનુ વિશદ્ વિહંગાવલોકન અને પરીણામોની ચર્ચા થઈ હતી. ઈન્ડીયન ઈન્સ્ટીસ્યુટ ઓફ ટેકનોલોજી, મુંબઈનાં ભૌતિકશાસ્ત્રનાં પ્રોફેસર ડૉ. ઉજીત યાજ્ઞિકે વેકિંગ ઓફ કવોન્ટમ વિષય પર વ્યાખ્યાનમાં જણાવ્યું કે, ૧૦૦ વર્ષથી વિવિધ ક્ષેત્રોમાં બહોળા પ્રમાણમાં વપરાતું કવોન્ટમ યંત્રશાસ્ત્રથી અનેક વૈજ્ઞાનિક તથ્યો ઈજનેરી કૌશલ્યો અને તકનીકી ખૂબીઓને કાર્યાન્વિત કરી શકાયાં છે. રોજીંદા જીવનમાં વપરાતા ધન એ ઋણ સંજ્ઞાઓ અણ ઉકેલ કોયડાઓ અને રંગ, ગંધ અને સ્વરૂપને આધારે પદાર્થનાં ગુણ ધર્મે તેમની લાક્ષણિકતાઓની વર્ણનાત્મક નોંધ એ વિશ્વને ઘણું આપ્યું છે. ૧૯૦૫માં આઈન્સ્ટાઈન દ્વારા અપાયેલ ફોટોનનો ખ્યાલ છે. ૧૯૨૨માં આઈન્સ્ટાઈનને નોબેલ પારિતોષિત અપાવી શકયું પરંતુ ફોટોનનો ખ્યાલને અનુમોદન મળ્યું છે. ૧૯૨૪માં એસ. એન. બોઝનાં કાર્યથી આજે પણ ગતિનું વિજ્ઞાન વિકાસ પામ્યું છે. પરંતુ સ્થાન માટેની વિભાવના અપ્રસ્તુત છે. અનેક પ્રશ્નોનાં સંતોષકારક જવાબોથી કાર્યક્રમ સફળ રહયો હતો. અધ્યક્ષ ડૉ. કિશોર પોરીયાએ ભૌતિકશાસ્ત્ર વિષયનાં વેલેન્ટાઈન થવાં સૌને આહવાહન કર્યુ હતું. આ બંને વ્યાખ્યાનો ડો. બી. આઈ. શેઠ એન્ડોવમેન્ટ ફંડમાંથી યોજવામાં આવેલ હતાં. જેનું સંચાલન ડો. પૃથૃલ દેસાઈ દ્વારા અને આભાર વિધિ ડો. વિભૂતિ જોષી દ્વારા કરવામાં આવી હતી.

## સ્પર્ધા

એમ. એસસી. બાયોટેકનોલોજી સ્વનિર્ભર અભ્યાસક્રમના સેમેસ્ટર આઠમાં અભ્યાસ કરતા આહિર છગન, ભાવસાર સુનિલ અને ભગત ચિંતને કુલ ત્રણ રિર્સચ પોસ્ટર ઔરંગાબાદમાં યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન "Biotechnology for Better tomorrow" માં રજુ કરેલ છે. આ કોન્ફરન્સનું આયોજન ડિપાંટમેન્ટ ઓફ માઈક્રોબાયોલોજી ડૉ. બાબા સાહેબ આંબેડકર મરાઠાવાડા યુનિવર્સિટી, સબ-કેમ્પસ ઓસ્માના બાદ દ્વારા તારીખ ૦૬-૦૨-૨૦૧૧ થી ૦૯-૦૨-૨૦૧૧ દરમ્યાન યોજવામાં આવેલ જેમાં આહિર છગન કે જેઓએ પ્રવિણ આર. ગુધાગરા (આસિ. પ્રો.)ના માર્ગદર્શન હેઠળ "Characterization and application of thermostable extracellular protease from Bacillus Cohnii U3." માં શીર્ષક હેઠળ રિસર્ચ પોસ્ટર રજુ કરી બેસ્ટ પોસ્ટર ઈન ઈન્ડસ્ટ્રીયલ બાયોટેકનોલોજીમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના એમ.બી.ઈ. અભ્યાસક્રમના બીજા અને ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ વચ્ચે યુનિયન બજેટ ૨૦૧૧-૧૨ પર યોજાયેલ ચોથા સેમેસ્ટરના રોજશ આર. ધનાની તથા દેવેશ આર. જરીવાલાની ટીમ વિજેતા થઈ. બીજા સેમેસ્ટરના ઉર્વીશ ટી. દલાલ તથા નરેશ આર. પટેલની ટીમ ફર્સ્ટ રનર્સઅપ રહી. કાર્યક્રમનું સંચાલન વિભાગના વડા શ્રી ડૉ. સુભદ્રા રાગોથામને કર્યું. કવીઝ માસ્ટર તરીકે એસો. પ્રો. ડૉ. ગૌરાંગ રામીએ સેવા આપી. વિજેતાઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

## ભારતીય યુનિવર્સિટીઓનાં પ્રકાશન

યુનિવર્સિટી ગ્રંથાલયમાં સંગૃહિત વાચનસામગ્રીમાંથી ભારતીય યુનિવર્સિટીઓનાં વિવિધ પ્રકાશનો (ગ્રંથો સિવાય) જેવાં કે મુખ્યત્વે વાર્ષિક અહેવાલોની અલગ તારવણી કરીને ગ્રંથાલયમાં સ્વતંત્ર ગોઠવવામાં આવેલ છે. આ પ્રકાશનોનો સંશોધનકાર્યમાં ઉપયોગ થાય તે માટે તેની સૂચિ પણ www.vnsgulibrary.org પર ઉપલબ્ધ છે.

## મેથેમેટિકસ મીટ

ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટિકસના પ્રોફે. એચ.ડી.ડોકટરે અમદાવાદ ખાતે અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ટેકનોલોજી આયોજીત મેથેમેટિકસ મીટ - ૨૦૧૧માં તા. ૩-૫ ફેબ્રુઆરી દરમ્યાન ભાગ લીધો. જેમાં તેમણે Flow Problem through Collection વિષય પર ચર્ચા કરી હતી.

## ગુજરાત કવીઝ

ગુજરાત રાજયની સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પ્રસંગે યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોના વિદ્યાર્થીઓની ગુજરાત કવીઝનું આયોજન તા. ૧-૧-૨૦૧૧ના રોજ યુનિવર્સિટી પરિસરમાં કરવામાં આવેલ. આ સ્પર્ધાના બોયઝ વિભાગમાં ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના B.L.I.Sc. ના છાત્ર શ્રી પ્રતીક એમ. વાઘેલા સંયુકત પ્રથમ ક્રમે અને ગર્લ્સ વિભાગમાં B.L.I.Sc. ના છાત્ર કુ. અરુણા જે. કટારિયા સંયુકત દ્વિતીય ક્રમે રહયા હતાં.

'વાંચે ગુજરાત'ને બળ મળે તે હેતુથી LISSA ના ઉપક્રમે વિજેતાઓને આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન શ્રી બી.જે.અંકુયા તરફથી પુસ્તકો અર્પણ કરવામાં આવ્યાં હતાં.

## ICSSR - Grant

યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વડા એસ. શ્રીનીવાસા રાવને "Urban Health in Surat City : A Socio Economic study of Slum Dwellers" વિષય પરના પ્રકલ્પ માટે I.C.S.S.R. તરફથી ૪.૭૫ લાખ રૂપિયા અનુદાન પ્રદાન કરવામાં આવેલ છે.

## Ph.D.

A list of Doctoral these accepted by Veer Narmad South Gujarat University, Surat.

**Accountancy**

1 Patel, Minal R. **A study of environmental accounting practices in select ISO 14001 companies in India.** (Dr.Heena S. Oza), SPB English Medium College of Commerce, Surat.

**Aquatic Biology**

1 Gandhi, Dharmeshkumar S. **Studies on sustainable aquaculture practices in industrial treated wastewater.** (Dr.Mohini Gadhia), Department of Aquatic Biology, VNSGU, Surat.

**Bio-Science**

1 Patel, Kailashben P. **Morpho-histological studies in the seedlings of some apocynaceae.**(Dr.Y.J.Thanki), Department of Bio-Science, VNSGU, Surat.

**Chemistry**

1 Mistry, Miteshkumar H. **Synthesis of substituted quinoline based s-triazine derivatives and studies of their antibacterial and antifungal activities.** (Dr.(Miss) G.C.Desai), Sir P.T.Sarvajanik College of Science, Surat.


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
નેશનલ સાઉન્ડ
S G U
વી.ન.દ.ગુ.યુ.

2 More, Satishbhai S. **Synthesis of studies towards some nitrogen containing and heterocyclic natural products using novel synthetic methods.** (Dr. N.B.Patel), Department of Chemistry, VNSGU, Surat.

3 Patel, Divyeshkumar R. **Studies on synthesis of reactive dyes based on quinazolinone moiety and their dyeing performance on various fibres.** (Dr. K.C.Patel), Department of Chemistry, VNSGU, Surat.

4 Patel, Harendra D. **Conversion of bagasse fly ash-an environmentally detrimental waste into zeolite for sorptive removal of dyes from aqueous solution.** (Dr.(Mrs.) Bhavna A. Shah), Department of Chemistry, VNSGU, Surat.

5 Patel, Harish M. **Synthesis and characterization of some homopolyesters and copolyesters containing s-triazine ring in the main chain.** (Dr. K.C.Patel), Department of Chemistry, VNSGU, Surat.

6 Patel, Nayankumar I. **Microwave and conventional synthesis of some novel heterocyclic compounds such as pyrimidine, benzole, azetidinone and their antimicrobial activity.** (Dr. Bhavnaben D. Mistry), B.K.M. Science Collegeg, Valsad.

7 Shah, Gaurang R. **Development and validation of bioanalytical assay method for different drug in biological matrix.** (Dr. B.T.Thaker), Department of Chemistry, VNSGU, Surat.

8. Asundaria, Shahrukh Tahemtan. **Synthesis and characterization of novel heterocyclic compounds bearing sydnone moiety as potential antimicrobial agents.** (Dr.K.C.Patel), Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

9 Lal, Bihari Barik. **Standardization of intelligent tutoring system for adaptive information retrieval and knowledge discovery by monitoring human interaction.** (Dr.Bankim Patel), S.R.I.M.C.A., Gopal Vidyanagar.

**Computer Science**

1 Lal, Bihari B. **Standardization of intelligent tutoring system for adaptive information retrieval and knowledge discovery by monitoring human interaction.** (Dr. Bakim Patel), Gopal Vidyanagar.

2 Mehta, Ateetkumar R. **Standardizing data structures for efficient processing, faster retrieval and effective management of biological data.** (Dr. Bakim Patel), Gopal Vidyanagar.

**Hindi**

1 Tadvi, Arjunbhai K. **मोहन राकेश के गद्य (उपन्यास कहानी) में सामाजिक समस्या का चित्रण : ऐक अध्ययन.** (Dr. A.K.Tai), Arts and Comm. College, Chikhli.

**English**

1 Desai, Hemang A. **Translation of select writings of sundaram from gujarati into english and evaluation of his literary art.** (Dr. D.A.Vamdatt), Department of English, VNSGU, Surat.

**Education**

1 Bhatt, Anandkumar Yashodhar. **Computer assisted instruction in physics for the student of standard XII : an experiment al study.** (Dr.V.G.Patel), V.T.Choksi Sarvajanik College of Education, Surat.

2 Desai, Shivani Kirankumar. **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ દ્વારા થતો ઈન્ટરનેટનો વિનિયોગ.** (Dr.Ummed Singh), Department of Education, Veer Narmad South Gujarat University, Surat

**Economics**

1 Tadvi Padmabahen R. **સુરત જીલ્લાની આરોગ્ય સેવાઓની ઉપયોગિતા (ચોર્યાસી તાલુકાના સંદર્ભમાં).** (Dr. S. Srinivasa Rao), Department of Economics, VNSGU, Surat.

2 Vishnuvajjhala, Aditya S. **Risk management using futures and options-study of investors in Surat city.** (Dr. Subadra Ragothaman), Department of Economics, VNSGU, Surat.

**Environmental Epidemiology**

1 Summaiya, Abdul vahed M. **Seroepidemiology survey of leptospirosis in South Gugarat.** (Dr. Vikas K. Desai), Government Medical College, Surat.

**Law**

1 Joshi, Manisha D. **Legislative judicial approach to gender justice with reference to hindu and mohammeden** law. (Dr. Vikram Desai), Siddharth Law College, Surat.

**Management**

1 Lad, Chetankumar. **A study on energy management practices implementation in large and medium scale units of textile industry in Surat region.** (Dr. Jaydip Chaudhari), DBIM, VNSGU, Surat.

**Mathematics**

1 Barad, Heenaben C. **General lie group transformations for boundary value problems in engineering.** (Dr. M.G. Timol), Department of Mathematics, VNSGU, Surat.

## M.Phil

A list of Dissertation accepted by Veer Narmad South Gujarat University, Surat. during Oct.-Dec. 2010.

**Bio-Science**

1 Chauhan, Poonam B. **Study of prevalence of multi drug resistant pyogenic bacteria and their susceptibility to honey.** (Dr. Pratibha B. Desai), Shree Ram Krishna Institute of Computer Education and Applied Sciences, Surat.

2 Patel, Vidisha C. **Study of blood pressure amongst women of different occupations in Surat.** (Dr. Arun H. Dholakia), Sir P.T. Sarvajanik College of Science, Surat.

3 Shah, Krishpa M. **Purification and characterization of extracellular phytase from microbial origin.** (Dr. Ratna Trivedi), Shree Ram Krishna Institute of Computer Education and Applied Sciences, Surat.

4 Suhagiya, Vijetaben J. **Microbial diversity and their activity in hypersaline lakes of Rajasthan.** (Dr. Ratna Trivedi), Shree Ram Krishna Institute of Computer Education and Applied Sciences, Surat.

5 Desai, Rinaben Bipinchandra. **Pharmacognosy and phytochemical evaluation of euphorbia tirucalli linn.** (Dr.M.N.Reddy), Department of Biosciences, Veer Narmad South Gujarat University, Surat.

**Chemistry**

1 Khimani, Mehul R. **Studies on micellization of mixed surfactants in aqueous salt solutions.** (Dr. Sambhav Vora), Sir P.T. Sarvajanik College of Science, Surat.

**Commerce**

1. Patel, Gayatri Jamubhai, **Anallysis of the financial statements of Rama News Print & Paper Ltd. Surat.** (Dr. Rupali A. Shah), Sheth C. D. Barfiwala College of Commerce, Surat.

2 Kharas, Pearl A. **A study of economic and financial condition of the employees of outsourcing units of South Gujarat with reference to Surat city.** (Dr. U.T. Desai), Sir K.P.College of Commerce, Surat.

3 Parekh, Jignesh B. **Potential beneficiaries of reverse mortgage in india with special reference to Vapi & Valsad.** (Dr. R.S. Patel), Sheth C.D. Barfiwala College of Commerce, Surat.

4 Patel, Ankitkumar D. **Financial analysis a study of steel companies in India.** (Dr.U.T. Desai), Sir K.P.College of Commerce, Surat.

5 Patel Ravikumar I. **Causality relationship between foreign exchange rates and stock market in India.** (Dr. Mrs. Seema O. Desai), Sir K.P.College of Commerce, Surat.

6 Patel, Jatinkumar A. **Financial analysis-a study of Sumul dairy.** (Dr. Dinesh A. Patel), Sheth C.D. Barfiwala College of Commerce, Surat.

7 Amin, Urvi G. **Analysis of financial statements-a study of the selected district co-operative banks in Gujarat state.** (Dr. Dinesh A. Patel), Sheth C.D. Barfiwala College of Commerce, Surat.

8 Khara, Pearl Adi. **A study of economic and financial condition of the employees of outsourcing units of South Gujarat with reference to Surat city.** (Dr.U.T.desai), K.P.College of Commerce, Surat

**Education**

1 Tandel, Shishir G. **ધોરણ ૧૧ના અર્થશાસ્ત્ર વિષયના બજાર અને તેના પ્રકાર એકમ પર જુથચર્ચા પધ્ધતિ અને નાટ્યીકરણ પધ્ધતિની અસરકારકતાનો અભ્યાસ.** (Dr. Rjendrabhai B. Patel), Department of Education, VNSGU, Surat.

**English**

1. Surti, Imran Abdulkader, **Representation of history in Rahi Masoom Reza's a village divided and Amitav Ghosh's the glass palace.** (Dr. E. V. Ramakrishnan), Professor and Dean, School of Language, Literature and Culture Studies, Central University of Gujarat, Gandhinagar.

**Gujarati**

1. Bambhaniya, Mathurbhai Nandlalbhai. **વળાંક વિસ્તારનાં તળપદા કોળી જ્ઞાતિના લગનગીતો – એક અભ્યાસ.** (Dr. Rekhaben T. Bhatt), M. T. B. Arts College, Surat.

2. Patel, Amitkumar Ishwarlal. **કવિ શ્રી ઉશનસ્ અને જયંત પાઠકનાં કાવ્યોમાં અતીતરાગ–એક અભ્યાસ,** (Dr. Mahipatsinh Raolji), M.K. Com. College, Bharuch.

3. Chaudhari, Anita P., **'લાભશંકર ઠાકરના એકાંકી : એક અધ્યયન**. (Dr. Rekhaben Bhatt), M.T.B. Arts College, Surat.

4. Desai, Mehali R. **'કવિશ્રી ઉશનસ્‌ની ગદ્યકૃતિઓ : 'સદ્‌માતાનો ખાંચો' અને ડોશીની વહુ'** : એક અભ્યાસ. (Dr. D.G.Patel), (Retired) V.S.Patel College of Arts & Science, Bilimora.

5. Mehta Chetanlal V. **'શિક્ષણની સમસ્યાઓના સંદર્ભે ત્રણ ગુજરાતી નવલકથાઓ એકલવ્ય આવૃત્ત અને સરસતી સરસતી તું મોરી મા' નો સમીક્ષાત્મક અભ્યાસ.** (Dr. Sharifa Vijaliwala), M.T.B. Arts College, Surat.

6. Patel, Aartiben T. **'લાલજી મણિયારથી રાયનો દર્પણ રાય : કથા બીજથી કથા વિસ્તાર.** (Dr. Bharat Parikh), Smt. J.P.Shroff Arts College, Valsad.

7. Patel, Dipikaben S. **'મફત ઓઝાની ચાર લઘુનવલો : એક અભ્યાસ (ઘુઘવતા સાગરનાં મૌન', 'જાતર', 'આસો સુદ આઠમ' અને 'દ્વીપકલ્પ.')** (Dr. Arjunsinh S. Gadhvi), Shri P.H.Umrao College of Arts & Commerce, Kim.

8. Patel, Nishaben I. **'ચંદ્રકાન્ત શેઠ અને ચીનુ મોદીના એબ્સર્ડ એકાંકીઓનો અભ્યાસ : 'સ્વપ્ન–પિંજર' અને 'હુકમ માલિક સંદર્ભે'** (Dr. Jyotiben Naik), Navyug Arts College, Rander.

9. Patel, Pritiben D. **કુન્દનિકા કાપડિયાની વાર્તાકલા.** (Dr. Jagdish M. Gurjar), Smt. Kusumben Kadakia Arts & Commerce Collegee, Ankleshwar.

10. Tandel Meghna I. **'પૂર્વાલાપ' (કવિ કાન્તનાં કાવ્યો)માં દામ્પત્યજીવન : એક અભ્યાસ.** (Dr. D.G. Patel), (Retired) V.S.Patel College of Arts & Science, Bilimora.

11. Zala, Mayaben P. **'જીવનનું કાવ્ય' (ગુજરાતી) અને 'અશોક કે ફૂલ' (હિન્દી) નિબંધસંગ્રહોનો તુલનાત્મક અભ્યાસ.** (Dr. Jashubhai Patel), Arts & Commerce Collegee, Olpad.

12. Pavar, Minaben Ramubhai. **કુકંણા જાતિનું મૌખિક સાહિત્ય : એક અભ્યાસ.** (Dr.J.S.Chaudhary). Shri Morarji Desai Arts-Commerce College, Buhari.

**Hindi**

1. Vasava, Darshanben Kantilal, **सुरेन्द्रवर्मा के नाटक : विषयवस्तु और पात्र परिकल्पना.** (Dr. Ashok K. Shah), Rt. Principal, Shri S. G. Patel Arts & Shri P. K. Desai Commerce College, Nizar.

2. Vasava, Parulben Jaysinh. **धर्मवीर भारती के उपन्यास : एक अध्ययन ( सूरज का सातवाँ घोडा और गुनाहों का देवता के संदर्भ में** (Dr. Ashok K. Shah), Rt. Principal, Shri S. G. Patel Arts & Shri P. K. Desai Commerce College, Nizar.

3. Patel, Yogitabahen C. **मन्नू भंडारी के नारी पात्रो का अंतर्द्वन्द.** (Dr. Bimlesh A. Tevatia), M.R.D. Arts & E.E.L.K. Commerce College, Chikhli.

**History**

1. Popat, Chiragkumar Bharatbhai. **ગુજરાત ખેડૂત સમાજ (બારડોલી) : સ્થાપના, વિકાસ અને પ્રદાન** (Dr. Dharmesh C. Pandya), Arts & Commerce College, Vyara.

**Mathematics**

1 Gangajalia, Neeta B. **A study of partial differential equations in life sciences.** (Dr. Rashmi

R. Keshvani), Sarvajanik College of Engg. & Tech., Surat.

2 Jadav Rajesh A. **Study of digital image processing through linear-fuzzy algebra and enhancement-segmentation techniques.** (Dr. Shilesh S. Patel), S.V.M. Institute of Technology, Bharuch.

3 Parmar, Bhavnaben N. **A numerical study of the flow of a fluid along a porous plate through cubic spline collocation method.** (Dr. D.C. Joshi), Deptt. of Mathematics, VNSGU, Surat.

4 Shukla, Chaitali D. A study on the use of b-spline functions in the theory of digital signal processing. (Dr. D.C. Joshi), Deptt. of Mathematics, VNSGU, Surat.

**Physics**

1. Patel, Chaitali Natvarbhai. **Study of embedded based system and Microcontrollers.** (Dr. V. G. Joshi), Department of Physics, V.N.S.G.U. Surat.

**Sanskrit**

1. Gorane, Yogeshkumar Mohanbhai. श्रीमदाद्यशंकराचार्यकृता 'उपदेशसाहसी'(गद्यप्रबन्ध) : એક અધ્યયન. (Dr. Nina C. Bhavnagari), Lecturer, M.T.B.Arts College, Surat.

2. Patel, Dineshkumar Ratanjibhai. અધ્યયન. શ્રી ભર્તૃહરિ વિરચિત અને શ્રીમદ્ અમરૂક કવિ વિરચિત 'अमरुशतकम्' એક તુલનાત્મક અધ્યયન. (Dr. Nathubhai L. Patel), Lecturer, H. R. Shah Mahila Arts & Commerce College, Navsari.

3. Chaudhari, Anilkumar K. **કવિશ્રી અરુણકુમાર મહેતા વિચરિત પ્રેમશતકમ : એક અધ્યયન.** (Dr.N.L.Patel), Rt.Lecturer, H.R.Shah Mahila Arts-Commerce College, Navsari.

4. Parneriya, Archana J. **પંડિત ઓગેટિ પરીક્ષિત શર્મા વિચરિત પીરક્ષિન્નાટકચકમ અંતર્ગત સામાજિક નાટકો : એક સમીક્ષાત્મક અધ્યયન.** (Dr.Nina Bhavnagari), M.T.B.Arts College, Surat.

5. Patel, Jyotiben R. **પ્રમુખ ઉપનિષદોમાં મોક્ષ વિભાવના.** (Dr.S.N.Solanky), Smt. J.P.Shroff Arts College, Valsad.

6. Patel, Sanjaykumar A. **બ્રહ્મસૂત્રના આનંદમય અધિકરણ બ્બ્ર.સૂ. ૧-૧-૧૨થી બ્ર.સૂ. ૧-૧-૧૯) ઉપરના શાંકરભાષ્યનું સમીક્ષાત્મક અધ્યયન.** (Dr.Sobhanaben Solanky), Smt.J.P.Shroff Arts College, Valsad.

7. Vasava, Pankajkumar I. **અથર્વવેદમાં રાજધર્મ : એક અધ્યયન. (મનુસ્મૃતિ અને શુક્રનીતિના વિશેષ સંદર્ભમાં)** (Dr.R.M.Trivedi), Z.F.Wadia Women's College and N.K.Jhota College of Commerce, Surat.

8. Patel, Kejalkumari R. 'શાંકર ગીતાભાષ્ય ભકિતયોગ' એક અધ્યયન. (Dr. (Smt.) Hansaben A. Parmar), Smt. J.P. Shroff Arts College, Valsad.

9. Chaudhari, Balvantkumar Manjibhai. **કવિશ્રી ડો. બલભદ્રપ્રસાદ શાસ્ત્રી કૃત 'ચક્રવ્યૂહમ' એક સમીક્ષાત્મક અધ્યયન.** (Dr. S.M. Solanky), Shri J.P.Shroff Arts College, Valsad.

# કોલેજ ન્યૂઝ

## વાર્ષિકોત્સવ



દક્ષિણ ગુજરાત મહિલા કેળવણી મંડળ નવસારી સંચાલિત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત હસ્તક એચ. આર. શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક મહોત્સવ અને પારિતોષિક વિતરણ તેમજ કોલેજનું પ્રથમ મેગેઝીન 'ઋતા'નું વિમોચન તા. ૧૫-૨-૨૦૧૧ના રોજ યુનિવર્સિટીના કુલસચિવશ્રી પ્રા. જે. આર. મહેતાના પ્રમુખ સ્થાને તથા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અતુલભાઈ શાહ, નવયુગ કોમર્સ કોલેજના આચાર્ય શ્રી જે.એમ. નાયકના અતિથિ વિશેષ પદે યોજાઈ ગયો આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ આચાર્ય, કોલેજના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થિનીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક આનંદ ઉલ્લાસમાં યોજાઈ ગયો.



પ્રાધ્યાપક નિલમ મહેતા અને એમની સંપાદકીય ટીમ દ્વારા કોલેજના પ્રથમ આકર્ષક મેગેઝીન 'ઋતા'નું વિમોચન ઉપસ્થિત મહેમાનશ્રીઓના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. 'ઋતા' મેગેઝીનમાં કોલેજનાં અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓની રસપ્રદ કૃતિઓને સામેલ કરવામાં આવેલ છે. તેમજ યુનિવર્સિટીની આર્ટ્સ અને કોમર્સ ફેકલ્ટીની પરીક્ષાઓમાં ફર્સ્ટ કલાસ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને તથા એન.એસ.એસ., એન.સી.સી., સ્વર્ણિમ ગુજરાતની વિવિધ ધારાઓની હરિફાઈમાં ઉત્કૃષ્ટ ફાળો આપનાર વિદ્યાર્થિનીઓને ઉપસ્થિત મહેમાનોના વરદ્ હસ્તે પ્રમાણપત્રો, પારિતોષિક અને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા નયનરમ્ય રંગબેરંગી આકર્ષક સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી. જેમાં શ્રેષ્ઠ કૃતિઓને રોકડ ઈનામો કુલસચિવશ્રી પ્રા. જે. આર. મહેતા તથા આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થિનીઓને આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ પોતાના પ્રવચનમાં કોલેજની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રગતિ જોઈને આનંદ વ્યકત કર્યો હતો તથા કોલેજ વધુને વધુ પ્રગતિ કરે તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આ કોલેજ એક રોલ મોડલ બને તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને તે માટે વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકોને તન મનથી આ કાર્યક્રમમાં જોડાઈ જવા અનુરોધ કર્યો હતો.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં દિવસીય વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. સંસ્થાના સંસ્થાપકશ્રી પરમ પૂજ્ય કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી તેમજ ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ પાનસુરીયા દ્વારા આ રમતોત્સવને ખૂલ્લો મુકવામાં આવ્યો હતો. રમતોત્સવમાં કબડ્ડી, ખોખો, ક્રિકેટ, બેડમીન્ટન, ૧૦૦મી દોડ અને લીંબુ ચમચી, ચેસ, કેરમ, ડબ્બા ફોડ, લાંબી-ઊંચી કૂદ, દોરડા ખેંચ જેવી રમતો યોજાઈ ગઈ.

## ઈનામ વિતરણ



નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં શ્રી ગોવિંદભાઈ ધોળકિયાના અધ્યક્ષપદે તથા સિન્ડિકેટ સભ્યશ્રી ઘનશ્યામભાઈ રાવલ, શ્રી સંજયભાઈ દેસાઈ, બિલ્ડરશ્રી દિલીપભાઈ રવાણી, વાલી અધ્યાપક મંડળના પ્રમુખશ્રી રમેશભાઈ પટેલ, ભૂ.પૂ.વિ.મં.ના પ્રમુખશ્રી જગદીશભાઈ બોદરા, પ્રિ.ડૉ. અશ્વિનભાઈ પટેલ, વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવારની ઉપસ્થિતિમાં ઈનામ વિતરણ, રામકૃષ્ણ એક્સપર્ટ દ્વારા અનુદાનિત નવનિર્મિત રામકૃષ્ણ મલ્ટીપર્પસ હોલના ઉદ્દ્ઘાટનનો કાર્યક્રમ તા. ૨૮-૦૨-૧૧ના રોજ યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રી ગોવિંદભાઈ ધોળકિયા સાથે વિદ્યાર્થીઓએ વિચારગોષ્ઠિ કરી હતી. વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે પારિતોષિક એનાયત કરવામાં આવ્યાં હતાં. રામકૃષ્ણ મલ્ટીપર્પસ હોલનું ઉદ્દ્ઘાટન શ્રી ગોવિંદભાઈ ધોળકિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનોએ પ્રેરક ઉદ્દ્બોધન કર્યા હતાં. તદ્પરાંત શ્રી જગદીશભાઈ બોદરાએ રસાયણ વિજ્ઞાનની પ્રયોગશાળાને આધુનિક બનાવવા માટે તત્પરતા દાખવી હતી. પ્રિ.ડૉ.અશ્વિનભાઈ પટેલે વિદ્યાર્થીઓના વિકાસ માટે તમામ જરૂરિયાતો સંતોષવા પ્રતિબધ્ધતા દાખવી હતી.

તા. ૨૧-૨-૧૧ના રોજ જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં શૈક્ષણિક અને વિવિધ પ્રવૃત્તિઓના તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ સમારંભ કુલપતિશ્રી બી.એ.પ્રજાપતિ, ટ્રસ્ટના હોદ્દેદારો, વિવિધ કોલેજના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીની સિન્ડિકેટના સભ્યશ્રીઓ તથા કોલેજ પરિવારની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. મુખ્ય મહેમાનોને આવકાર પ્રિ.કે.એન. ચાવડાએ આપ્યો હતો. દાતા તરફથી મળેલી દાનમાંથી કુલ ૩૭૨ વિદ્યાર્થીઓને ટ્રોફીઓ અને સ્મૃતિભેટો અર્પણ કરવામાં આવી હતી.

## પ્રદર્શન

શ્રીમતી જી. એન. પંડયા બી. એડ્. કોલેજ, ભેસ્તાનમાં ગણિત, વિજ્ઞાન, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર વિષયનાં તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ શૈક્ષણિક ઉપકરણોનું પ્રદર્શન સનફલાવર હાઈસ્કુલનાં આચાર્યા શ્રીમતી કીર્તિબેન બારને ખુલ્લું મૂકયું હતું.

શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ, સુરતમાં તા. ૨૦મી જાન્યુઆરીના રોજ Literary & Debate Committee દ્વારા "બુક એકિઝબીશન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

## ઊજવણી

શ્રીમતી જી. એન. પંડયા બી. એડ્. કોલેજ, ભેસ્તાનમાં "અંગ્રેજી દિવસ" ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અતિથિ વિશેષ તરીકે સનફલાવર હાઈસ્કુલ, પાંડેસરાના શ્રીમતી કીર્તિબેન બારને અંગ્રેજી ભાષાના મહત્ત્વ વિશે વકતવ્ય રજૂ કર્યું હતું. આ પ્રસંગે અંગ્રેજી મેથડના તાલીમાર્થીઓએ અંગ્રેજી સાહિત્યની વિવિધ કૃતિઓ-ગીત, સમૂહગીત, વકતવ્ય, કાવ્ય તથા નાટકની રજુઆત કરી હતી.

નવયુગ કોમર્સ કોલેજ, સુરતના સ્ટુડન્ટ કાઉન્સીલના ઉપક્રમે તા.૬-૨-૧૧ના રોજ વિદ્યાર્થીઓએ સ્વૈચ્છિક રીતે બચત કરેલી રકમ ફાળા તરીકે આપી કુલ રૂા. ૧૮,૬૫૦/- એકત્રિત કરી હતી. આ રકમ પૈકી રૂા. ૧૨,૦૦૦ સર્વોદય પરિવાર ટ્રસ્ટ પિંડવળ તથા રૂા. ૩૫૦૦/- અંધજન વિકાસ ટ્રસ્ટને તથા રૂા. ૩૧૫૦/- મંદબુધ્ધિના બાળકોના ટ્રસ્ટ, અડાજણને આપી અનોખી રીતે ચેરીટી-ડે ની ઉજવણી કરી હતી. સ્ટુડન્ટ કાઉન્સિલના ચેરમેન પ્રો.બી.જી.વશીના માર્ગદર્શન અને સહયોગથી વિદ્યાર્થીઓ પ્રોત્સાહિત થઈ આ ચેરિટી-ડે ની સુંદર રીતે ઉજવણી કરી હતી.

ઍમિટી બી.એડ્. કૉલેજ, ભરૂચનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૧૯-૦૨-૧૧ના રોજ યોજાઈ ગયેલ. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ શિક્ષણના વિષયને કેન્દ્રમાં રાખી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીના ડીન ડૉ.જગદીશ ગુર્જરના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્.કોલેજ, અંકલેશ્વરમાં અંગ્રેજી દિનની ઊજવણી થઈ. વર્તમાન સમયમાં અંગ્રેજીભાષાનું મહત્વ તાલીમાર્થી નેહાલીએ રજૂ કર્યુ. R.K.Narayan નો પરિચય ટેલર પૂજાએ કરાવ્યો. Women are not important અંગ્રેજી પદ્ધતિમાં નાટકની રજૂઆત તાલીમાર્થી દ્વારા કરવામાં આવી હતી. G.B.Show નું Pygmalion માંથી Eliza નો એકપાત્રીય અભિનય હિતીક્ષાં પંડયા તથા લેખના ફોટોગ્રાફની Power Point Presentation દ્વારા રજૂઆત કરવામાં આવી. ઈન્ચાર્જ દિવ્યેશભાઈ પરમારે અંગ્રેજી વિષયનું મહત્વ સંદર્ભે પ્રતિભાવો રજૂ કર્યા હતાં. પ્રા. કૃણાલભાઈ પંચાલે પ્રતિભાવો પ્રગટ કરી કાર્યક્રમને બિરદાવ્યો હતો.

## એવોર્ડ

સુરતમાં ડી.આર.પટેલ એન્ડ આર. બી. પટેલ કોમર્સ કોલેજ, સી.બી. પટેલ કોમ્પ્યુટર કોલેજ અને નવનિર્માણ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ જે કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ મારફત ચલાવવામાં આવે છે. કાંઠા વિભાગ નવનિર્માણ મંડળને દિલ્હી ખાતે ઈન્ડીયન લીડરશીપ એવોર્ડ ફોર એજ્યુકેશન એક્ક્ષલન્શ (નેશનલ લેવલ) એનાયત કરવામાં આવ્યો છે. તદપરાંત ઈન્ચાર્જ પ્રિન્સીપાલ શ્રીમતી અવનીન્દ્રા એચ. દિક્ષીતને ન્યુ દિલ્હીમાં પ્રાઈવેટ ઈન્સ્ટીટયુટ ઈન્ડીયન સોલીરાડીટી કાઉન્સીલ અને ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ એજ્યુકેશન એન્ડ મેનેજમેન્ટ દ્વારા તા. ૨૩-૧૧-૨૦૧૦ના રોજ રાજીવ ગાંધી વિદ્યાશીરોમણી એવોર્ડ નમિબિયાના એમ્બેસેડર ડૉ. જસ્ટિસ મોમ્બાના હસ્તે એનાયત કરવામાં આવ્યો છે.

## એન. એસ. એસ.

શાહ એન.એસ.કોમર્સ કોલેજ, વલસાડના એન. એસ. એસ. એન. સી. ના વિદ્યાર્થીઓ દ્વારા વલસાડથી કપરાડા સુધી એઈડસ, પર્યાવરણ, સાક્ષરતા, વ્યસનમુકિત, બાળકી બચાવ અને અંધશ્રધ્ધા નિર્મૂળતા સૂત્રોના પ્લેકાર્ડ સાથે બાઈક રેલી યોજવામાં આવી હતી. તદ્પરાંત ચશ્માં શિબિર યોજાઈ હતી .જેમાં ૧૮૧ લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો.

## સ્પર્ધા

નેશ્નલ ગ્રુપ સુરત પુરસ્કૃત અને શાહ એન. એચ. કોમર્સ કોલેજ વલસાડ આયોજીત આંતર કોલેજ કેસ સ્ટડી સ્પર્ધા તા. ૨૬-૧૨-૧૦ના રોજ યોજાઈ હતી. આ સ્પર્ધામાં એસ.બી.ગાર્ડા કોલેજ આર્ટસ અને પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ નવસારીના (૧) ચૌહાણ શોભીતકુમાર એ. (૨) રાઠોડ કૃપાલી ડી. અને (૩) પટેલ રોશની ડી. ની ટીમે પ્રથમ ક્રમ મેળવીને રૂા. ૨૦૦૦/-નું રોકડ ઈનામ પ્રમાણપત્ર અને શિલ્ડ પ્રાપ્ત કર્યા છે.

જે.એમ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના ચર્ચાવિભાગ દ્વારા સ્વ. જગમોહનદાસ શ્રોફ સ્મારક વકતૃત્વ સ્પર્ધા યોજાઈ જેમાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈ.ચા.આચાર્યશ્રી પ્રા.આર.એસ.ક્ષત્રિયે કાયદા અંગેની જાણકારી સંદર્ભે સ્પર્ધાને અંતે વિદ્યાર્થીઓને સતત જાગૃત રહેવાની હાકલ કરી હતી. પ્રસ્તુત સ્પર્ધામાં પ્રથમ પરમાર રત્નસિંહ, બીજા પ્રજાપતિ નિષ્ઠાબેન તથા તૃતીય ભીમપૂરીયા હિરલબેન રહયાં.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ, સંચાલિત બી. એડ્. કોલેજ, સુરતના તાલીમાર્થી જોષી શૈલેષકુમાર એસ. સતત પાંચવાર આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધામાં વિજેતા થયા છે. જેમણે (૧) જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીમાં પ્રથમ વિજેતા. (૨) શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્.કોલેજ, પાંડેસરામાં પ્રથમ વિજેતા. (૩) વી.ટી.ચોકસી બી.એડ્.કોલેજ, લાલબંગલામાં પ્રથમ વિજેતા. (૪) સી.જે.પટેલ કોમર્સ કોલેજ વરીયાવમાં પ્રથમ વિજેતા. (૫) સર્વોદય શિક્ષણ મંડળ બી.એડ્.કોલેજમાં તૃતીય વિજેતા જાહેર થયા છે. તદ્પરાંત તા. ૧૨-૦૧-૨૦૧૧ના રોજ યોજાયેલ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધામાં ૧૨ કોલેજોએ ભાગ લીધો જેમાં પ્રથમ - શાહ છાયા ડી. (રામકૃષ્ણ પરમહંસ બી. એડ. કોલેજ, પૂણાગામ, દ્વિતીય - શિરોયા કૈલાસ આર. (સ.પ.કોલેજ ઓફ એજયુકેશન નવસારી) અને તૃતીય - જોષી શૈલેષ એસ. (શ્રી સર્વોદય શિક્ષણ મંડળ બી.એડ.કોલેજ, સુરત) વિજેતા રહયા હતા.

વી.ન.દ.ગુ.યુ. આંતર કોલેજ વોલીબોલ (ભાઈઓ)ની "એ" ઝોન સ્પર્ધા તા. ૩૦-૧૨-૧૦ના રોજ ઉધના સીટીઝન કોમર્સ કોલેજના મેદાનમાં યોજાઈ હતી. "એ" ઝોન વોલીબોલ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજે ડી.આર.બી.કોલેજને ફાઈનલમાં હરાવી ચેમ્પીયન બની હતી. યુનિવર્સિટી ઈન્ટર ઝોન વોલીબોલની સ્પર્ધા તા. ૨-૧-૧૧ના રોજ સી.પી.ડીગ્રી કોલેજ, રાજપીપળા મુકામે કરવામાં આવી જેમાં નવયુગ કોમર્સ કોલેજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ બારડોલીને હરાવી ચેમ્પીયન બની હતી. યુનિવર્સિટી વોલીબોલની યુનિવર્સિટી ટીમમાં નવયુગ કોમર્સ કોલેજના (૧) નીતીન સવસવીયા (૨) રોમીન બુનીકી (૩) નિરવ ડાકોરીયાની પસંદગી જતાં જયપુર રમવા માટે ગયા છે. પ્રિ. શ્રી જે.એમ. નાયકે સ્પર્ધકોને અભિનંદન આપ્યા હતા તથા પ્રા. અરવિંદભાઈ નાયકે કોચિંગ આપ્યું હતું.

શ્રીમતી જી. એન. પંડયા બી.એડ્.કોલેજ, ભેસ્તાનના તાલીમાર્થી પટેલ આદિત્યએ નારણલાલા ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશન, નવસારી કોલેજ દ્વારા યોજાયેલ "શ્રેષ્ઠ પાઠ સ્પર્ધા" માં પ્રથમ ક્રમ હાંસલ કરેલ છે.

તા. ૨૮-૧-૨૦૧૧ના રોજ વલસાડ જિલ્લાની શ્રેષ્ઠ વાચક સ્પર્ધા રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ વલસાડ જિલ્લાનાં કો. ઓડિનેટરશ્રી પ્રિ. ડૉ.એચ.એ. દેસાઈની અધ્યક્ષતામાં સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં વલસાડ જિલ્લાની ૮ કોલેજમાં કુલ ૧૫ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. પ્રથમ અને દ્વિતીય વિજેતા શાહ એન.એચ.કોમર્સ કોલેજ વલસાડના વિદ્યાર્થી અનુક્રમે કામીની પટેલ અને વિરાગ રાજપૂત રહયા હતા. તૃતીય વિજેતા જે.પી.પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પારડીની વિદ્યાર્થિની હેમાક્ષી પટેલ રહયા હતા.

કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશ્નલ સ્ટડીઝ, ચીખલીમાં IT Carnival Thinker's Race-2011 નું આયોજન તા. ૨૯-૧-૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ જેનું પરિણામ આ મુજબ રહયું. **(1) Programming in Basic :** 1. Adajania Bhumila 2. Makwana Ekta (B.Sc.IT.Surat) **(2) Programming in C++ :** 1. Kapasi Dipen 2. Parekh Nirav (Bharuch College) **(3) Prigramming in C :** 1. Somani Ketan 2. Pagdhar Sandip (Amroli College, Surat) **(4) Mini Web Project :** 1. Sayyab Faisal 2. Gadhiar Hemant 3. Modi Rahul (Bharthana College, Surat) **(5) Code Completion :** 1. Darji Aakash 2. Simpi Maheshkumar (Agrawal College, Navsari) **(6) Programming in JAVA :** 1. Patel Dharmesh 2. Patel Krunal (College of App. Sci. & Prof. Studies, Chikhli) **(7) IT Quiz :** 1. Patel Tilishaben 2. Modi Jaydip (Maliba College, Bardoli) **(8) Query Generation :** 1. Gamit Hiren (College of App. Sci. & Prof. Studies, Chikhli)

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ ધ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી. એડ્. કોલેજો માટે કોમ્પ્યુટર દ્વારા શિક્ષણ પાઠ સ્પર્ધાનું આયોજન તા. ૨૦-૧-૧૧ના રોજ કરવામાં આવ્યુ હતું. પરિણામ : પ્રથમ - ડિમ્પલ કે. પટેલ (વિવેકાનંદ કોલેજ ફોર બી. એડ્. જહાંગીરપુરા) દ્વિતીય - મયુરી એસ. પારેખ (બી. જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી) તૃતીય - ભૂમિકા કે. વાઘેલા - (સ્વામી નારાયણ સ્વરૂપ બી. ઓફ. કોલેજ, અંકલેશ્વર) તદ્પરાંત કોલેજ ખાતે તા. ૫-૧-૨૦૧૧ના રોજ આંતર બી.એડ.કોલેજ વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ ગઈ. જેમાં ૧૨ કોલેજોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં શ્રી. બી.જે.પટેલ કોલેજ ઓફ એજયુકેશન બારડોલી વિજેતા રહી હતી.

શ્રીમતી જી. એન. પંડયા બી. એડ્. કોલેજ ભેસ્તાનમાં લગ્નગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ પટેલ ડિમ્પલ તથા દ્વિતીય પટેલ જીગીષા વિજેતા થયા હતા તથા ગ્રુપ સ્પર્ધામાં પટેલ તૃપ્તિ તથા પટેલ રેહાનાનું મંડપ ગ્રુપ વિજેતા થયું હતું.

વાપીની બીખલીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાઈનસ (રોફેલ) દ્વારા ૩૦ જાન્યુઆરીના રોજ માઈનીંગ અને પ્રોગ્રામીંગ (I Comp-2011) માં ૫૨ આંતર કોલેજ સ્પર્ધા ઉજવવામાં આવી હતી, જેમાં સુરતની શ્રીમતી ઝેડ.એસ.પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન બી.સી.એ. ના ૨૧ વિદ્યાર્થી અને બે પ્રાધ્યાપકો એ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ૧. સી પ્રોગ્રામીંગ, ૨. સાયબર ૩. આઈટી કવીઝ ૪. પોસ્ટર કોમ્પીટીશન યોજવામાં આવી હતી. જે દરેક સ્પર્ધામાં આ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત દ્વારા તા. ૧૨-૧-૨૦૧૧ના રોજ "આંતર કોલેજ ગુજરાતી ગીત" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં એમિટી બી.એડ્.કોલેજ, ભરૂચનાં તાલીમાર્થીઓ રાણા બ્રિજેશ અને રણા હીનલે અનુક્રમે દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. તેઓને શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ દ્વારા પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરાયા હતાં.

નારણ લાલા વિદ્યાસંકુલ, નવસારી ખાતે સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત નવસારી જિલ્લા આંતરકોલેજ શીઘ્રનિબંધ લેખન, શીઘ્રકાવ્યરચના અને વેસ્ટમાંથી બેસ્ટ સર્જન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦ કોલેજોના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો. પરિણામો : વેસ્ટમાંથી

બેસ્ટ સર્જન સ્પર્ધા : પ્રથમ - દેસાઈ દિપેન એચ. (બી.પી.બારિયા સાયન્સ કોલેજ, નવસારી), દ્વિતિય - પટેલ રાકેશકુમાર ડી. (એમ.આર.ડી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલી), તૃતીય - નાયક મોક્ષિદા જે. (ડી.ડી.લૉ.કોલેજ, નવસારી). શીઘ્ર નિબંધ સ્પર્ધા : પ્રથમ - લાડ હેતલ સી. (નારણ લાલા બી.એડ્.કોલેજ, નવસારી). દ્વિતીય - ગામિત જુનિયેસ આર. (સરકારી બી. એડ્ કોલેજ, વાંસદા) તૃતીય વિજેતા - વિસીયા દીશા જે. (બી.પી.બારિયા સાયન્સ કોલેજ, નવસારી). શીઘ્ર કાવ્ય રચના સ્પર્ધા : પ્રથમ - સુથાર ઘનશ્યામ એમ. (બી.પી.બારિયા સાયન્સ કોલેજ, નવસારી) દ્વિતિય - પટેલ સ્નેહલ કે. (એસ. એસ. અગ્રવાલ કોલેજ, નવસારી) તૃતીય - શાહ પૂજા એસ. (નારણ લાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સિસ, નવસારી.) વિજેતાઓને ઉપસ્થિત મહેમાનોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આંતર બી.એડ્.કોલેજ વૉલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કોલેજ ઓફ એજ્યુકેશન ખર્વોડ મુકામે થયું હતું. જેમાં બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન બારડોલીની ટીમ પ્રથમક્રમે રહી હતી.

તા. ૧૨ થી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૧ દરમ્યાન ઝારખંડમાં રાષ્ટ્રીય રમતોત્સવમાં જીમ્નાસ્ટીકમાં 'મેન્સ આર્ટીસ્ટક' માં નવયુગ આર્ટ્સ કોલેજના વિદ્યાર્થી વત્સલ રેશમવાલાએ ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યું.

## શિબિર

પ્રિ. ડૉ. એચ.એ. દેસાઈના માર્ગદર્શન તળે રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૮-૧ અને ૯-૧ના રોજ યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કાર્યશિબિરમાં ટી.વાય.બી.કોમ. અને એમ કોમના ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, આ કાર્યશિબિરમાં જુદા જુદા વિષય જેવા કે રીઝનીંગ, અંગ્રેજી, મેથેમેટીકલ એબીલીટી, જનરલ નોલેજ, એપ્ટીટયુડ ટેસ્ટ વગેરેની તાલીમ આપવામાં આવી હતી. જેમાં તજજ્ઞ તરીકે શ્રી કેયુર પી. શાહ, શ્રી દીપેશ પી. શાહ અને ભાર્ગવી આઈ. પટેલે સેવા આપી હતી.

## ઈન્ટરવ્યૂ

નવયુગ કોમર્સ કોલેજ, સુરતમાં સ્પેકટ્રમ પ્લેસમેન્ટના સહયોગથી તા.૨૪-૨-૧૧ના રોજ યોજાયેલ જોબમેળામાં ટાટા ઈન્ડીકોમ, એન્વાયરઝોન, સ્પેકટ્રમ પ્લેસમેન્ટ, નર્મદા કંપની રાજીવ એક્ષપોર્ટ, ગોયમજેમ્સ, અનિકેટ કાઉન જેવી ૧૨ કંપનીઓમાં સુરતની વિવિધ કોલેજોના ૨૫૨ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યા હતાં. તે પૈકી ૧૦૨ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## સેમિનાર

પ્રિ. યુ.ટી. દેસાઈ અને કાર્યકારી પ્રિ.બી.કે.શાહના માર્ગદર્શન તળે કે.પી.ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતમાં VNSGU ના આંતર કોલેજ વ્યાખ્યાન માળા અતર્ગત Statistical Quality Control વિષય પર તા. ૨૦-૦૧-૨૦૧૧ના રોજ અમરોલી કોલેજના પ્રો.ર્ડા.સેજલ દેસાઈ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

બારડોલી આર્ટસ-કોમર્સ કોલેજ ખાતે નેશનલ સેમિનાર ઓન ફિઝીકલ એજયુકેશન સ્પોર્ટસ મેનેજમેન્ટ એન્ડ સ્પોર્ટસ સાયન્સનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સેમિનાર ઉદ્‌ઘાટન પ્રસંગે કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, શારીરિક શિક્ષણના પ્રાધ્યાપકનું કાર્ય સ્પોર્ટસના મેદાન પૂરતું જ મર્યાદિત ન રહેતાં વર્ગખંડમાં પણ તેનું યોગ્યસ્થાન હોવું જોઈએ. દરેક કોલેજ કે શાળાઓમાં ફિઝિકલ એજયુકેશન અત્યાર સુધી સાઈડ રોલમાં જ રહયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે દરેક યુનિવર્સિટીમાં સ્પોર્ટસની અલગ ફેકલ્ટી હોવી જોઈએ, તેમણે ભારતમાં વધી રહેલા ડાયાબીટીઝના દર્દીઓનું કારણ ફિઝિકલ એજયુકેશનનો અભાવ હોવાનું જણાવ્યું હતું. દરેક ફિઝિકલ ટીચર્સ માટે સ્પોર્ટર્સની સાથે સાથે માનવ શરીરનું જ્ઞાન હોવું પણ જરૂરી છે, ગુજરાત દરેક ઉત્તમ બાબતમાં નંબર ૧ છે, ફિઝીકલ ફિટનેસમાં આપણે પાછળ પડીએ છીએ અને આ માટે ફિઝિકલ ટીચર્સ જ જાગૃતિ લાવી શકે તેમ છે.

તા. ૧૨-૦૨-૧૧ રોજ શાહ એન. એસ. કોમર્સ કોલેજ, વલસાડમાં યુ.જી.સી સ્પોનસર્ડ સ્ટેટ લેવલ સેમીનારમાં શ્રીમતી ઝેડ. એસ. પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ એડ ટેકનોલોજીના બી.સી.એ. ના પ્રાધ્યાપકોએ ઈન્ટ્રીગ્રેશન ઓફ આઈ. સી. ટી. ટૂલ્સ ઈન એજયુકેશન" વિષય પર પેપર પ્રેજન્ટેશન કર્યુ હતું. જેમાં પ્રા. ઈશા અગ્રવાલ, પ્રા. સોનલ શર્મા અને પ્રા. રીમા સિંધે ભાગ લીધો.

કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ, ચીખલીના લાયબ્રેરીયન શ્રી મનીષ એસ. પટેલે ગોવા યુનિવર્સિટી, ગોવા અને ઈન્ફલીબનેટ સેન્ટર, અમદાવાદ તરફથી યોજાયેલ '8th CALIBER ૨૦૧૧, ૦૨-૦૪, March ૨૦૧૧ માં ભાગ લીધો.

## વ્યાખ્યાન

જે.એન.શાહ આર્ટસ-કોમર્સ કોલેજ, જંબુસરમાં ટી.વાય.બી.એ. / બી.કોમ. ના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા વિષય પર શ્રી પ્રણવભાઈ પારેખનું વ્યાખ્યાન યોજાઈ ગયું.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, એમ.એડ્.સુરતમાં તા. ૬-૧-૨૦૧૧ના રોજ ર્ડા. ઉમ્મેદસિંહ, (પ્રોફેસર, શિક્ષણ વિભાગ, વી.એન.એસ.જી.યુ.) નું 'કોમ્યુનિકેશન મિડીયા એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં વકતાશ્રીએ વિષય સંદર્ભે તલસ્પર્શી માહિતી પી.પી.ટી.ના માધ્યમે પૂરી પાડી હતી.

નવયુગ કોમર્સ કોલેજ, સુરત સ્ટુડન્ટ યુનિયનના ઉપક્રમે તા. ૨-૧-૨૦૧૧ના રોજ પર્સનાલીટી ડેવલપમેન્ટ વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં મુખ્ય તજજ્ઞ તરીકે પ્રો.ર્ડા.શશીકાંતભાઈ શાહે 'સફળતાની કેડીઓ...' વિશે જાણકારી આપી જીવનમાં સફળતા મેળવતા માટેના ૧૦ મુદ્દાઓની છણાવટ કરી હતી. પ્રો. ર્ડા. અશ્વિનભાઈ દેસાઈએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તૈયારી વિષે માહિતી આપી પ્રશ્નોત્તરીથી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. રીલાયન્સના પૂર્વ ટ્રેનર શ્રી મનોજ દેસાઈએ કોર્પોરેટર સંસ્થાઓમાં નોકરી મેળવવા માટેની તૈયારી અને તાલીમ અંગે માહિતી આપી. પ્રિ. જે. એમ. નાયક તથા સ્ટુડન્ટ કાઉન્સીલના પ્રમુખ પ્રો. બી.જી.વશીએ તજજ્ઞોનો પરિચય અને વર્કશોપનું મહત્વ સમજાવી તજજ્ઞોનો આભાર માન્યો હતો.

તા. ૧-૧-૧૧ના રોજ ધરમપુર સ્થિત શ્રી વી.એચ.પટેલ બી. એડ્. કોલેજમાં આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના શિક્ષણ વિભાગના પ્રોફેસર ઉમ્મેદસિંઘનું "ટેલિકોન્ફરન્સ" વિષય વ્યાખ્યાન યોજાઈ ગયું. ર્ડા. સિંઘે પાવરપોઈન્ટ પ્રેઝેન્ટેશનના ઉપયોગથી 'ટેલિકોન્ફરન્સ' ની શિક્ષણમાં અજમાઈશ, તેની કાર્યરચના, તેનાથી થતા ફાયદા વગેરે મુદ્દાઓને સાંકળી લઈને વ્યાખ્યાન પુરું પાડયું હતું. સાથે વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી પણ કરી હતી.

આંતર કોલેજ વ્યાખ્યાનમાળા હેઠળ વલસાડની કોમર્સ કોલેજમાં તા. ૬-૧-૧૧ના રોજ સૂરતની વી.ટી. ચોકસી લૉ કોલેજના આચાર્યા ર્ડા. જાગૃતિબેન પટેલનું 'ભારતીય બંધારણ' વિશે વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે પ્રિ.ર્ડા.જે.એસ.નાયકે જણાવ્યું હતું કે આપણે હક્કો પ્રત્યે સભાન હોઈએ છીએ. પરંતુ ફરજ પ્રત્યે બેદરકાર હોઈએ

છીએ. આ સંદર્ભમાં કાયદાનું જ્ઞાન મેળવવું જરૂરી છે. ડૉ. જાગૃતિબેને વિદ્યાર્થીઓને માહિતીનો સંગ્રહ કરી તેનું વિશ્લેષણ કરતાં રહેવાનો અનુરોધ કર્યો હતો.

શ્રીમતી ઝેડ. એસ. પટેલ કોલેજ ઓફ મેનેજમેંટ, સુરતમાં તા. ૧૧-૨-૨૦૧૧ના રોજ વિદ્યાર્થીઓ માટે "એનાલીસીસ એન્ડ ઈન્ટરપ્રીટેશન ઓફ બેલેન્સ સીટ" વિષય પર સુરત પીપલ્સ બેંકના નિવૃત જનરલ મેનેજર શ્રી મનહરભાઈ ગાંધીનું પ્રવચન રાખવામાં આવ્યું.

અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ફોર બી.એડ, સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડૉ. ગણેશભાઈ પરમારનું "ભાષા શિક્ષણ" અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ વિભાગના એસો. પ્રોફે. જયેશભાઈ નાયકનું 'સમય આયોજન' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડમાં તા.૨૬-૨-૧૧ ના રોજ શ્રી ગુણવંતસિંહજી સોલંકી (નિવાસી નાયબ કલેક્ટર, વલસાડ), શ્રી ડંકેશભાઈ ઓઝા તથા શ્રી વિશ્વજીતસિંહજી સરવૈયાનું કારકિર્દી માર્ગદર્શન પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

સ્વામીનારાયણ સ્વરૂપ બી.એડ.કોલેજ, અંકલેશ્વરમાં ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલનું "વ્યકિતત્વ" વિષય પર વ્યાખ્યાન યોજાયું તજજ્ઞશ્રીએ વ્યકિતત્વનાં અન્ય પ્રકારોના જીવંત ઉદાહરણ સહિતની વિસ્તૃત છણાવટ સાથે વ્યકિતત્વના સ્વભાવની વિવિધ વિશેષતાઓ સાથે લાગણી પર બુધ્ધિના પ્રભુત્વ સંદર્ભે વાત કરી હતી.

બી.જે.પટેલ કોલેજ ઓફ એજયુકેશન બારડોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતરકોલેજ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતા તરીકે પ્રિ.ડૉ.જે.પી.ગોહિલે સિધ્ધી પ્રેરણા વિષયક પર પ્રવચન રજૂ કર્યું હતું.

શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલમાં તા. ૨૬-૨-૧૧ના રોજ વાંચે ગુજરાત અંતર્ગત નર્મદા કલેકટરશ્રી વિક્રાંત પાંડે, શિલા ભટ્ટ, દક્ષાબેન પટેલ અને ભરત વ્યાસે વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપ્યાં હતાં.

## વિદ્યાર્થી મંડળ

બી. જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને શ્રીમતી એસ. જે. પટેલ સાર્વજનિક મહિલા પી.ટી.સી. કોલેજના સંયુકત ઉપક્રમે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતાં. ૨૦૦૯-૧૦ના બી.એડ.ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તથા વાલી-અધ્યાપક મંડળ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળની સભાનું આયોજન પણ થયું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં ભૂતપૂર્વ તાલીમાર્થીઓનું સંમેલન અને વાલીમંડળની સભા યોજાઈ ગઈ. જેમાં વાર્ષિક પરીક્ષામાં પ્રથમ આવનાર ભૂતપૂર્વ તાલીમાર્થીઓને ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું.

## ઈન્ટર્નશીપ

ઍમિટી બી.એડ્ કોલેજ, ભરૂચ દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧નો ઈન્ટર્નશીપ કાર્યક્રમ તા. ૧-૧૨ થી ૧૫-૧૨-૧૦ સુધી ભરૂચ અને તાલુકાના ગામોની માધ્યમિક શાળાઓમાં યોજવામાં આવ્યો હતો. જેમાં કાર્યનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. આ ઉપરાંત દરેક જૂથ દ્વારા શાળામાં વિવિધ બૌધ્ધિક રમતો, વૈવિધ્યસભર બુલેટીન બોર્ડની સજાવટ, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, વિશિષ્ટ વ્યકિતઓની મુલાકાત, સંસ્થા મુલાકાત અને સાંસ્કૃતિક પ્રાયોગિક કાર્યો અને સાક્ષરતા અભિયાન, અંધશ્રધ્ધા નિવારણ અને વાંચે ગુજરાત વિષય આધારિત વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતુ. જેમાં દરેક શાળાને ઍમટી શાળાની રજત જયંતી ઉજવણીના ભાગ રૂપે મહાન વિભૂતિઓની તસવીરો સ્મૃતિ ચિહ્ન સ્વરૂપે આપી હતી.

## વર્કશોપ

નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં તા. ૨૪-૨૫ જાન્યુ ૧૧ દરમ્યાન યુ.જી.સી. અનુદાનિત 'Recent trends in Astronomy and Astrophysics વિષય પર સ્ટેટ લેવલનો વર્કશોપ યોજાઈ ગયો. જેમાં BITS Pilani Goa ના તરૂણ ઝા, HBCSE, મુંબઈના ડૉ. સુહાસ નાયકસતમ, ડૉ. અનિકેત સુલે, ડૉ. મનોજેન્દુ ચૌધરી તેમજ IIT મુંબઈના પ્રો. ઉર્જિત યાજનિકે બ્રહ્માંડ, બ્લેક હોલ, ડાર્ક એનર્જી અને ડાર્ક મેટર વિષે માહિતી આપી હતી અને પ્રશ્નોત્તરી કરી હતી. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ એસ્ટ્રોનોમી અને એસ. ચંદ્રશેખર વિષયમાં પોસ્ટર પ્રેઝન્ટેશન કર્યું હતું. વર્કશોપમાં પ્રિ.ડૉ. અશ્વિનભાઈ પટેલે આવકાર આપ્યો હતો અને પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું.

## આરોગ્ય

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં તા. ૦૩ થી ૦૫-૦૧-૧૧ દરમિયાન યોગ શિબિરનું આયોજન યુગ નિર્માણ ટ્રસ્ટ, ગાયત્રી પરિવાર, તપોભૂમિ, મથુરા દ્વારા કરવામાં આવ્યું હતુ. તદપરાંત તા. ૦૮-૦૧-૨૦૧૧ના રોજ યોજાયેલ રકતદાન શિબિરમાં ૯૬ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ દ્વારા વલસાડ રકતદાન કેન્દ્ર અને કોમર્સ કોલેજ વલસાડના એન.એસ.એસ.ના યુવા સપ્તાહ' ની ઉજવણી કરવાના પ્રયાસ રૂપે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં એન.એસ.એસ. ઉપરાંત એન.સી.સી. યુથ રેડ ક્રોસ અને યુનિયન દ્વારા કુલ ૧૧૪ બેગ રકત ભેગું કરી રકતદાન કેન્દ્ર વલસાડને પૂરૂં પાડવામાં આવ્યું હતું.

નવયુગ કોમર્સ કોલેજ, સુરતમાં એન.એસ.એસ. તથા સ્ટુડન્ટ કાઉન્સીલના ઉપક્રમે થેલેસેમિયા ટેસ્ટની શિબિરનું આયોજન થયું હતું. જે અંતર્ગત્ ૬૦૦ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ માટે લોહીના સેમ્પલ એકત્ર કરવામાં આવ્યાં હતાં. સુરત રકતદાન કેન્દ્રના નિષ્ણાંતોએ સેવા આપી હતી. અને આ સમગ્ર ટેસ્ટનો ખર્ચ સ્ટુડન્ટ કાઉન્સીલ દ્વારા કરવામાં આવ્યો હતો.

શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટ્સ અને કોમર્સ કોલેજ, અંકલેશ્વરમાં તા. ૯મી ડિસેમ્બર, ૨૦૧૦નાં રોજ રાષ્ટ્રીય સેવા યોજના તથા રોટરી કલબ ઓફ અંકલેશ્વરના સંયુકત ઉપક્રમે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી (ગુજરાત રાજય શાખા) અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓમાં થેલિસેમિયા ચેકીંગ કેમ્પનું આયોજન થયું હતું. જેમાં ૧૫૫ જેટલા વિદ્યાર્થીઓએ બ્લડ ચેકીંગ કરાવ્યું.

પ્રિ.યુ.ટી.દેસાઈ અને કાર્યકારી પિ.બી.કે.શાહના માર્ગદર્શન તળે કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજ અને સુરત રકતદાન કેન્દ્રના સંયુકત ઉપક્રમે કોલેજમાં થેલેસેમિયા ટેસ્ટ શિબિરનું આયોજન તા. ૧૦-૦૧ અને તા. ૧૨-૦૧-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ૩૭૦ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ચેકઅપ કરવામાં આવ્યા હતા.

એમ. એસ. પાઠક હોમિયોપેથીક મેડીકલ કોલેજ, વડોદરા સંલગ્ન ન્યુ લાઈફ હોસ્પીટલ અને વટવૃક્ષ સિનીયર સીટીઝન મંડળના સંયુકત ઉપક્રમે તા. ૨૨-૦૧-૨૦૧૧ના રોજ વિના મુલ્યે સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. કેમ્પનું ઉદ્ઘાટન ધારાસભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ લાખાવાલા, સ્ટેન્ડીગ કમિટી, વડોદરા મહાનગર સેવા સદનના સભ્યશ્રી, ડૉ. હિતેન્દ્રભાઈ પટેલ, કોર્પોરેટર શ્રી સપનાબેન માછી તથા વટવૃક્ષ મંડળના પ્રમુખશ્રી હીરૂદાદા દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના ડાયરેકટર ડૉ. આર.

એ. પટેલ અને પ્રિન્સીપાલ ડૉ. અલ્પેશભાઈ શાહે સંસ્થાનો પરિચય અને પ્રવૃતિની માહિતી આપી.

૧ ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિનની અંકલેશ્વર સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ. કોલેજમાં ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે તાલીમાર્થીઓએ લાલ રીબીન લગાવીને એઈડ્સના દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિની ભાવના દાખવી હતી. પ્રા. કુણાલભાઈ પંચાલ, હરિસચંદ્ર કોસંબિયા તથા પ્રશિક્ષણાર્થી ઊર્વશીબેન ગોહિલે વકતવ્ય આપ્યું હતું.

## સ્વર્ણિમ ગુજરાત

જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ, અમરોલી તા.૧૦-૧-૧૧ના રોજ સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા અંતર્ગત ઝોનલ કક્ષાની એક પાત્રીય અભિનય સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રિ.ડૉ. કે. એન. ચાવડાએ વિદ્યાર્થીઓને કોલેજની સિધ્ધિઓને બિરદાવી, જીવનની સફળતા માટેની સલાહ આપી હતી. પરિણામ : (૧) શ્રી નિરજ કંસારા (જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી) દ્વિતીય - કુ. વ્યોમા આહિર (પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત.)

બી.જે.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી અને બારડોલ નગરપાલિકાના સંયુકત ઉપક્રમે સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત વાંચે ગુજરાત નિમિત્તે બારડોલી વિસ્તારની શાળાઓ તેમજ કોલેજ કક્ષાએ નિબંધ લેખન અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું. વિવિધ સ્પર્ધકોને ઈનામ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ વાચક સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં ઓછામાં ઓછા ત્રણ વિદ્યાર્થી વાચકોમાંથી એકસો એકતાળીસ જેટલા વાચકો વિજેતા જાહેર થયા છે. આ સ્પર્ધા કોલેજના દરેક ડિવીઝનમાં યોજાઈ હતી. કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ચાલુ શૈક્ષણિક વર્ષના પ્રથમ અને દ્વિતીય સત્રમાં એક-એક પુસ્તકનું વાચન કરીને તરતું મૂકયું હતું. પ્રથમ રાઉન્ડના વિજેતાઓને પ્રિ. ડૉ. જે. એમ. નાયક દ્વારા પ્રોત્સાહન પૂરૂં પાડી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બી.જે.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી અને એસ. જે. પટેલ મહિલા પી.ટી.સી. કોલેજના કુલ ૨૦૦ તાલીમાર્થીઓએ તા.૧-૧-૨૦૧૧નાં રોજ વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત ગ્રંથદાન અભિયાનમાં સ્વયંસેવક તરીકેની કામગીરી કરી હતી. સ્વયંસેવકોએ બારડોલી નગરની વિવિધ સોસાયટીમાં ઘરે-ઘરે જઈ કુલ ૨૮૦૦ જેટલા પુસ્તકો ગ્રંથદાનમાં મેળવ્યા હતા અને બારડોલી તાલુકા વાંચે ગુજરાત અભિયાન સમિતિને જમા કરાવ્યા હતા.

બી. જે. પટેલે કોલેજ ઓફ એજયુકેશન બારડોલીના તાલીમાર્થીઓએ અમદાવાદ ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલ સ્વર્ણિમ ચેસ મહોત્સવમાં દુબે મુકેશ શ્રીનારાયણ વિજેતા બન્યા. ઉધના સીટીઝન કો. ઓ. બેંક કોમર્સ કોલેજ, ઉધના દ્વારા યોજાયેલ ગ્રંથ સમીક્ષા સ્પર્ધામાં ચાવડા સ્નેહા દિલીપસિંહ પ્રથમ ક્રમ અને ગુજરાતી ગીત સ્પર્ધામાં દેસાઈ મનિષા પંકજભાઈએ બીજો ક્રમ, સુરતમાં યોજાયેલ વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં પટેલ, પ્રીતિ ઉકકડભાઈએ બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે.

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાએ સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦-૧૧ ઉજવણી નિમિત્તે સપ્તધારાની નાટયધારા અન્વયે તા. ૧લી જાન્યુઆરી દિને નવસારીની એસ.બી.ગાર્ડા કોલેજ દ્વારા આયોજિત નવસારી ડાંગ જીલ્લાની એકાંકી નાટયસ્પર્ધામાં કોલેજની કૃતિ 'ઈશ્વર અલ્લાહ તેરો નામ' ત્રીજા નંબરે આવી હતી. તા.૩-૧-૨૦૧૧ ના રોજ સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦-૧૧ ઉજવણી નિમિત્તે સપ્તધારાની જ્ઞાનધારા હેઠળ વકૃતત્વ ગ્રંથસમીક્ષા અને કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૭-૧-૨૦૧૧ના રોજ સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦-૧૧ ઉજવણી નિમિત્તે સપ્તધારાની જ્ઞાનધારા અન્વયે શ્રેષ્ઠ વાચક સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કુ. રોશની મિશ્રા તથા કુ.દેવયાની પરમાર દ્વિતીય ક્રમે આવી હતી. તા.૮-૧-૨૦૧૧ના રોજ સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા સામુદાયિક સેવાધારાના ઉપક્રમે "મહિલાઓ માટે કાયદાકીય જોગવાઈઓ" વિષય પર અસ્તિત્વ મહિલા ઉત્કર્ષ સંસ્થા વલસાડના ટ્રસ્ટી શ્રીમતી ગીરીબાળાબેન આચાર્યનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. તા. ૧૩-૧-૨૦૧૧ ના રોજ સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦-૧૧ ઉજવણી નિમિત્તે સપ્તધારાની જ્ઞાનધારા અન્વયે જીકેસી પ્રેરિત ગુજરાત કવીઝ સ્પર્ધા યોજવામાં આવી હતી.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં વાંચે ગુજરાત અંતર્ગત દ્વિતીય વાંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ.જે.એમ.નાયકે તજજ્ઞોનું પુસ્તકોથી સ્વાગત કરીને 'વાંચે ગુજરાત' ની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. તજજ્ઞો સર્વશ્રી મહાદેવભાઈ દેસાઈ તથા પ્રો. ડૉ. નરેશભાઈ ભટ્ટે માર્ગદર્શન આપ્યું હતું. તદ્‌પરાંત તા. ૧૨-૧-૧૧ના રોજ અતિથિ ગૃહથી નૂતન કેળવણી મંડળ વલસાડના સંસ્કાર કેન્દ્ર સુધી ગ્રંથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ વિભાગના ધારા સભ્યશ્રી દોલતભાઈ દેસાઈએ ગ્રંથયાત્રાનું પ્રસ્થાન કરતાં પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું. આ પ્રસંગે શ્રી નરેશભાઈ ભટ્ટે પણ વાંચનનું મહત્વ સમજાવ્યું હતું. સમાપન વિધિ પ્રસંગે શ્રી દોલતભાઈ દેસાઈએ પાલખીનું વહન કરનારા વિદ્યાર્થીઓનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સમાપન પ્રસંગે હાસ્ય સમ્રાટ શ્રી રમેશભાઈ ચાંપાનેરીએ પણ ઉદ્‌બોધન કર્યુ હતું.

"સ્વર્ણિમ ગુજરાત" અંતર્ગત "વાંચે ગુજરાત" અભિયાનમાં શ્રેષ્ઠ વાચક સ્પર્ધા" માં જિલ્લા કક્ષાએ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં નવયુગ આર્ટ્સ કોલેજના વિદ્યાર્થી શ્રી ભાવેશ દાને "શ્રેષ્ઠ વાચક સ્પર્ધા" માં દ્વિતીય ક્રમ મેળવેલ.

## Heritage

Looking at the importance of policy and guidelines for heritage conservation in Surat. the stake holders' consultation meeting for proposed heritage Policy of SURAT, was organized by Sarvajanik Education Society Faculty Of Architecture and Surat Municipal Corporation, on 28 December 2010 at Malvi Hall, T. & . T. V. Sarvajanik High School. The Meeting was inaugurated by lighting of the lamp; the welcome address was given by Chairman Shri Rajnikant Marfatia. The Commissioner of Surat Municipal Corpotation, Mr. Aparna Madam addressed the august audience and introduced the purpose of the meeting. The meeting was further proceed by technical presentations by the experts of the subjects, wherein, First of all Prof. Persi Engineer explained by photographic presentation; the inherent quality of original culture and tradition of Surat, followed by presentation on the topic "Inheriting Surat for the Gen-next" and explained the lost Heritage Value of the Surat and trying to revive it through projects of "Healing the Nucleus" i.e. revival of Chawk Char Rasta., and "Tapi River Front Development.

# વાચન વિશેષ

## પ્રતિસાદ

Dear Babubhai,

Your articles in your newsletter 'Dakshinayan' are often quite interesting and we are quite impressed reading them. Hence J P took your permission to allow Patan Jain Mandal to publish some of your write-ups, in PJM's monthly news letter. We thank you for agreeing and permitting PJM to publish the same in their news letter.

With warm personal regards

Yours sincerely,
For Sevantilal Kantilal Trust, Mumbai
Lalit Shah.

---

Dear Babubhai,

I have been receiving your VNSGU newsletter "DAKSHINAYAN" regularly and I always like to read your article on the first and second page. I find it quite interesting and educative. The last one, regarding Max Muller, shows your study of the person and his life time achievements, the gist of his life time achievements I got it in two pages of your article and that is why I often send xerox copies of your articles to my brothers and executives. Please I request you to continue sending me your bulletins.

J. P. Shah
S. Kant Healthcare Ltd., Mumbai

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

## પુસ્તક પરિચય

**ડો. આંબેડકર દ્વારા લિખિત 'બહિષ્કૃત ભારત'' કે અગ્ર લેખ.**
અનુવાદઃ ડાં.દત્તાત્રેય પુજારી અને ડાં.ગીતા પુજારી કર્ણાટકઃ સાગરદીપ પ્રકાશન, ૧૯૯૩. પૃ.૨૧૬. મૂલ્ય રૂા. ૧૫૦.

પ્રસ્તુત ગ્રંથ ડાં. આંબેડકર દ્વારા પોતાની મરાઠી પત્રિકા 'બહિષ્કૃત ભારત'' માં લખવામાં આવેલા અગ્રલેખોનો અનુવાદ છે. 'બહિષ્કૃત ભારત''ના કુલ ૩૪ અંકોમાં ડાં. આંબેડકરે ૩૩ અગ્રલેખ અને ૧૪૫ લેખ લખેલા છે. તેમાંથી ૧૬ અગ્રલેખોના અનુવાદનો આ પ્રથમ ખંડ છે. ડાં. આંબેડકર વિચારો દેશની ધરોહર છે અને આ વિચારોને રાષ્ટ્રભાષા હિન્દીમાં પ્રસ્તુત કરીને જનસામાન્ય સુધી પહોંચાડવાનો પ્રયાસ અનુવાદકે કર્યો છે. પ્રસ્તુત અનુવાદમાં અનુવાદકે ભાષા-શૈલી, લાક્ષણિક શબ્દાવલીના સૌંદર્યને યથાયોગ્ય સાચવવાનો પ્રયાસ કર્યો છે. ઉચિત જગ્યાએ ડો. આંબેડકરના મરાઠી ભાષાના શબ્દોને યથાયેગ્ય સાચવવામાં આવેલા છે જેથી કરીને તેનો ભાવાર્થ પણ સચવાઈ રહયો છે.

વિવિધ પ્રકરણો પૈકી પુનશ્ચ હરિ ઓમ, મહાડ કા ધર્મ સંઘર્ષ એવમ ઉચ્ચ હિન્દુઓની જિમ્મેદારી તથા અંગ્રેજો કી જિમ્મેદારી, અસ્પૃશ્યતા નિર્મૂલન કા છિછલાપન, દુ:ખ મેં સુખ, અથો ભ્રષ્ટઃ તથો ભ્રષ્ટઃ હમારે આલોચક, ઢોંગબાજી, સિરફિરાપન ઔર અદૂરદર્શિતા, મહાર એવમ ઉનકી પૂશ્તૈની મિલકિયત, કાનુન તથા ઉસમેં સૂચિત સંશોધનોં કા સ્પષ્ટીકરણ, અસ્પૃશ્યતા એવમ સત્યાગ્રહ કી નિષ્પતિ, અસ્પૃશ્યોન્નતિ કી આર્થિક નીવ, બહિષ્કૃત ભારત કા ઋણ ક્યા લૌકિક ઋણ નહીં હૈ ? નો  સમાવેશ થાય છે તથા અહમદનગર કા પાની કાંડ, મહાડ મેં સત્યાગ્રહ કા આહવાન, અસ્પૃશ્યોં કી સાર્વજનિક સભા મેં ડો. આંબેડકર કા ભાષણ, મધ્યપ્રાન્ત-વરાડ હિન્દુ પરિષદ અધ્યક્ષ સર શંકરન નાયર કા ભાષણ, મહાર વતન કે સંબંધ મેં કતિપય મનનશીલ પ્રસ્તાવ, વતન કાનુન કે સંશોધન કા મસૌદા, કરવીર સંસ્થાન મેં વતન પ્રથા કી સમાપ્તિ જેવાં પરિશિષ્ટનો પણ સમાવેશ થયેલ છે. એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૧૯૯૦માં પ્રકાશિત ૪૪૬ પૃષ્ઠનો મરાઠીમાં "ડાં. બાબાસાહેબ આંબેડકરાંચ બહિષ્કૃત ભારત (૧૯૨૭-૧૯૨૯) આણિ મૂકનાયક (૧૯૨૦) ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

બી.જે.અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

---

સાહસી બનો, જાતે જ ઊભા કરેલા ભયોથી મુકત થાવ અને પોતાના કાર્યમાં ખંતપૂર્વક લાગ્યા રહો. જીવનમાં ખુમારી લાવો. જો તમારા લક્ષ્યો અને ઉદ્દેશોમાં સ્પષ્ટતા હશે તો તમે વધુ એકાગ્ર રીતે કામ કરી શકશો. તમે વધુ જવાબદારીઓ લઈ શકશો અને પરિણામે તમારા આત્મગૌરવ અને આત્મવિશ્વાસમાં હજી વૃધ્ધિ થશે.

નરેન્દ્ર મોદી (૪૨મું દીક્ષાંત પ્રવચન)

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com